પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૯૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૪-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સચિન પાયલોટે ૫ કલાકમાં ઉપવાસ કર્યા

## એક વર્ષથી મુખ્યમંત્રી પાસે ભ્રષ્ટાચાર પર કાર્યવાહીની માગ કરી રહ્યો હતો, સંઘર્ષ ચાલુ રહેશે : સચિન પાયલોટ

જયપુર,

જયપુરમાં પોતાના એક દિવસીય ઉપવાસ પૂર્ણ કર્યા બાદ સચિન પાયલોટે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે મેં રાજ્યના મુખ્યમંત્રીને ભૂતકાળમાં વસુંધરા રાજેની સરકારમાં થયેલા તમામ કૌભાંડો સામે પગલાં લેવા માટે પત્રો લખ્યા હતા, પરંતુ કોઈ પગલાં લેવાયા નથી.આથી મેં એક દિવસના ઉપવાસ (૫ કલાક) કર્યા છે. પાયલટે કોંગ્રેસ પાર્ટી તરફથી આપેલી ચેતવણીને નજરઅંદાજ કરી ઉપવાસ કર્યા હતાં આ પ્રસંગે તેમના સમર્થકોએ જિંદાબાદના નારા લગાવ્યા.




જયપુરમાં પોતાના એક દિવસીય ઉપવાસ પૂર્ણ કર્યા બાદ સચિન પાયલોટે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે મેં રાજ્યના મુખ્યમંત્રીને ભૂતકાળમાં વસુંધરા રાજેની સરકારમાં થયેલા તમામ કૌભાંડો સામે પગલાં લેવા માટે પત્રો લખ્યા હતા, પરંતુ કોઈ પગલાં લેવાયા નથી. સચિન પાયલટે કહ્યું, આજે હું વસુંધરા સરકારના તમામ ભ્રષ્ટાચારના કારણે ઉપવાસ પર બેઠો છું. આ એ જ મુદ્દો છે જેને લઈને અમે સંસદની બહાર અને સંસદની અંદર અમારી માંગણી રાખી હતી. જ્યારે વસુંધરાજી સરકારમાં હતા ત્યારે અમે ઘણા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો. તમને જણાવી દઈએ કે સચિન પાયલોટે વસુંધરા રાજે સરકારના કાર્યકાળ દરમિયાન કથિત ભ્રષ્ટાચાર સામે, વર્તમાન ગેહલોત સરકારમાં પગલાં ન લેવા બદલ એક દિવસીય ઉપવાસ કર્યા હતા.પોણા ચાર વાગ્યાની આસપાસ પાઈલોટના સમર્થકોએ તેમને મીઠાઈ ખવડાવીને ઉપવાસ તોડ્યા હતા. ઉપવાસ બાદ પાઈલોટે કહ્યું કે મેં ભ્રષ્ટાચાર સામે પગલાં લેવાના હેતુથી ઉપવાસ રાખ્યા હતા. જો સંગઠનની વાત હોય તો મેં સંગઠન સાથે વાત કરી હોત. આખું વર્ષ હું મુખ્યમંત્રી પાસે માગણી કરતો હતો. પાઈલટે કહ્યું કે ભ્રષ્ટાચાર સામે અમારી ઝીરો ટોલરન્સની નીતિ છે, તેથી કાર્યવાહી પણ થવી જોઈએ. મને આશા છે કે પગલાં લેવામાં આવશે. ભ્રષ્ટાચાર સામે અમારો સંઘર્ષ ચાલુ રહેશે, અમે ઈચ્છીએ છીએ કે દેશ અને રાજ્યમાં સ્વચ્છ રાજનીતિ હોવી જોઈએ.

સચિન પાઈલટે ભાજપના શાસનના ભ્રષ્ટાચાર અંગે પ્રભારી રંધાવા સાથે વાત ન કરવાના સવાલ પર કહ્યું કે રંધાવા હમણાં જ નવા પ્રભારી બન્યા છે. તેમની પહેલાં જેઓ ચાર્જમાં હતા તેઓએ પત્રની નકલ પર ચિહ્નિત કર્યું હતું. ચર્ચા કરતા રહે છે. રંધાવાએ કહ્યું હતું કે સચિન પાઈલટે તેમની સાથે ભાજપ શાસનના ભ્રષ્ટાચારની તપાસ અંગે કોઈ વાત કરી નથી.

પાઈલટ ભાજપના સીએમ વસુંધરા રાજેના શાસન દરમિયાન થયેલાં કૌભાંડોની તપાસની માગ સાથે મુખ્યમંત્રી ગેહલોત સરકાર સામે ઉપવાસ પર બેઠા હતા. તેઓ પોતાના સમર્થકો સાથે સવારે અહીં પહોંચ્યા હતા. કહેવામાં આવી રહ્યું હતું કે તેઓ અલગ રાજકીય લાઈન અપનાવી શકે છે, પરંતુ અત્યાર સુધી તેમણે આવી કોઈ જાહેરાત કરી નથી.

અહીં, પાઈલટના ઉપવાસ શરૂ થયા પછી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે એક વીડિયો જાહેર કર્યો અને ફરી એકવાર મિશન ૨૦૩૦ની વાતનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું- મેં નક્કી કર્યું છે કે ૨૦૩૦ સુધીમાં રાજસ્થાનને દેશનું નંબર વન રાજ્ય બનાવવું છે. પાઈલટના ઉપવાસ વચ્ચે મિશન ૨૦૩૦નું પુનરાવર્તન કરવાનો રાજકીય અર્થ પણ કાઢવામાં આવી રહ્યો છે. સચિન પાઈલટના ઉપવાસની જાહેરાત બાદથી કોંગ્રેસમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. આંતરિક રાજકારણ ફરી ગરમાયું છે. રંધાવા બુધવારે મુખ્યમંત્રી અશોક ગેહલોત અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરાને મળશે. રંધાવાનું નિવેદન પાર્ટીના કડક વલણનો સંકેત આપે છે. જો કે તેમણે સચિન સાથે શાંતિપૂર્ણ વાતચીતની રજૂઆત કરી છે. પાઈલટના ઉપવાસમાં સામેલ થવા માટે રાજ્યભરમાંથી તેમના સમર્થકો જયપુર પહોંચ્યા હતાં આ પહેલાં પાઈલટ તરફી નેતાઓ અને ધારાસભ્યોએ પસંદગીના સમર્થકોને જયપુર પહોંચવાનો સંદેશ આપ્યો હતો. છેલ્લા બે દાયકામાં કોંગ્રેસના શાસનમાં પોતાની જ સરકાર સામે ઉપવાસ પર બેસવાની આ પહેલી ઘટના છે. રવિવારે સચિન પાઈલટે પોતાના ઘરે મીડિયા સમક્ષ ગેહલોતનાં વચનોનો વીડિયો બતાવ્યો હતો. આ સાથે ભૂખ હડતાળ પર બેસવાની જાહેરાત કરી હતી.સચિન પાઈલટે પોતાની જ સરકાર સામે ઉપવાસની જાહેરાત કરીને રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ વેગવંતી કરી છે. પાઈલટ વિશે નિષ્ણાતોનાં બે મંતવ્યો છે. એક વર્ગ એવો દાવો કરી રહ્યો છે કે પાઈલટ કોંગ્રેસમાં રહીને ગેહલોત વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા છે. પાઈલટ કોંગ્રેસ છોડીને પોતાની પાર્ટી બનાવે એવી શક્યતા રાજકીય નિષ્ણાતોનો એક વર્ગ વ્યક્ત કરી રહ્યો છે.

## જંત્રીદરમાં બદલાવ પૂર્વે પેન્ડીંગ જમીન બીનખેતી ફાઈલો કલીયર કરવા આદેશ

અમદાવાદ,

ગુજરાતમાં આગામી ૧૫મીથી જંત્રીદરમાં થનારા સુચિત વધારા વચ્ચે ગુજરાત હાઈકોર્ટે મહેસુલી વિભાગને અસરકર્તા અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જંત્રીદરમાં બદલાવ પૂર્વે તા.૧૩ મી એપ્રિલ સુધીમાં બીનખેતીની તમામ ફાઈલો કલીયર કરવાનો મૌખિક આદેશ કર્યો છે.

ખેતીની જમીનને બીનખેતીમાં બદલાવવા માટે કલેકટર તંત્રમાંથી પૂર્વ પરવાનગી મેળવવાની થતી હોય છે.હાઈકોર્ટે રાજયના તમામ જીલ્લા કલેકટરોને બીનખેતીનાં પડતર કેસોમાં અરજીઓનો નિકાલ કરવાની સુચના આપી છે. રાજયમાં આગામી ૧૫ મી એપ્રિલથી જંત્રીદરમાં વધારો થવાનો છે તે પૂર્વે હાઈકોર્ટનો આ ચુકાદો ઘણો મહત્વનો બની જાય છે. અદાલતે એવી પણ ટીપ્પણી કરી હતી કે બીનખેતીની અરજીઓનો નિકાસ ન થવાના સંજોગોમાં અરજદારોને પણ ઉંચા જંત્રીદર ચુકવવાનો વખત આવશે.

સરકારને વધુ મહેતલ આપવા માટે આ ઢીલ-પ્રયાસો સ્વરૂપે જોઈ શકાય છે. કૃષિ જમીનનાં બીનખેતીમાં ફેરવવા માટે રાજયભરમાં અરજીઓ પેન્ડીંગ હોવાના મુદ્દાની નોંધ લઈને ભાર્ગવ કારીયાએ કહ્યું હતું કે રાજયનાં તમામ જીલ્લા કલેકટરોને ૧૩ મી એપ્રિલ સુધીમાં જમીન બીનખેતી અરજીઓનો નિકાલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. અદાલતે રાજય સરકારને પણ એવી સુચના આપી હતી કે આ આદેશની નકલ તમામ જીલ્લા કલેકટરોને મોકલીને તાકીદ કરવામાં આવે.

ખેડા જીલ્લામાં વિજય પટેલ નામનાં ખાતેદારની જમીન બીનખેતીની પેન્ડીંગ અરજીનો કેસ હાઈકોર્ટમાં સુનાવણી માટે આવ્યો હતો અને તેમાં અદાલતે રાજયભરમાં પેન્ડીંગ કેસો સામેલ કરીને ત્વરીત નિકાલ કરવાનો ચુકાદો આપ્યો હતો. ખેડા જીલ્લાનાં કેસમાં વહીવટીતંત્ર દ્વારા ત્રુટીઓ કાઢવામાં આવતી હોવાના મુદ્દે નવી અરજી કરવાની સુચના આપી હતી. તે પછી તેઓએ ૬ એપ્રિલે નવી અરજી કરતા તંત્રએ ફરી વાંધા કાઢયા હતા. આ મામલે જીલ્લા કલેકટરને ત્વરીત કાર્યવાહી કરવાનો પણ આદેશ આપ્યો હતો. આ તકે ૧૫ મી એપ્રિલનો ઉલ્લેખ કરીને એવી ટકોર કરી હતી કે સરકાર તંત્ર ગમે તે રીતે નાણા ભેગા કરવા માંગે છે. કલેકટરોને સુચના ન મળે ત્યાં સુધી બીનખેતી પ્રક્રિયામાં આગળ વધતા નથી.

## કોરોના ઘાતક બન્યો ! દિલ્હી અને રાજસ્થાનમાં ૨૪ કલાકમાં ૩-૩ મોત, મહારાષ્ટ્રમાં પણ હાલત ખરાબ

નવીદિલ્હી,

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સોમવારે છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં કોરોનાના ૪૮૪ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૩ દર્દીઓના મોત પણ થયા છે. દિલ્હીમાં કોરોનાનો ચેપ દર ૨૬.૫૮ ટકા નોંધાયો છે. આ દરમિયાન રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ કોરોનાના નવા કેસ સામે આવ્યા છે.

જાહેર કરવામાં આવેલા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૧૮૨૧ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જો કે, દિલ્હી સરકારે તેના હેલ્થ બુલેટિનમાં જણાવ્યું કે ૩ મૃત્યુ દિલ્હીમાં થયા છે. તેમના મૃત્યુનું પ્રાથમિક કારણ કોરોના નથી.

રાજસ્થાનના આરોગ્ય મંત્રાલયના સોમવારે જારી કરાયેલા અહેવાલ મુજબ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૯૭ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન રાજ્યમાં ત્રણ દર્દીઓના મોત થયા છે. રાજધાની જયપુરમાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા છે. અહીં કોરોનાના ૫૫ નવા કેસ નોંધાયા છે. રાજ્યના આરોગ્ય મંત્રાલયના અહેવાલ મુજબ રાજસ્થાનમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા વધીને ૮૦૪ થઈ ગઈ છે. તે જ સમયે, મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૨૮ નવા કેસ નોંધાયા છે. અહીં એક દર્દીનું પણ કોરોનાને કારણે મોત થયું છે. રવિવારે મહારાષ્ટ્રમાં ૭૮૮ નવા કેસ નોંધાયા હતા. એટલે કે ગઈકાલની સરખામણીમાં ૫૦ ટકા ઓછા કેસ સામે આવ્યા છે. રાજ્યમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૪૬૬૭ છે.

ગુજરાતમાં કોરોનાના નવા કેસો વધી રહ્યા છે. જેમાં ૦૭ એપ્રિલના રોજ કોરોનાના નવા ૩૨૮ કેસ નોંધાયા છે.અમદાવાદમાં ૯૩, સુરતમાં ૩૧, મહેસાણામાં ૨૬, વડોદરામાં ૨૫, મોરબીમાં ૨૩, વડોદરા જિલ્લામાં ૧૮, ગાંધીનગરમાં ૧૬, સાબરકાંઠામાં ૧૨, વલસાડમાં ૧૧,સુરત જિલ્લામાં ૧૦, અમરેલીમાં ૦૭, નવસારીમાં ૦૭, ગાંધીનગરમાં ૦૬, રાજકોટ જિલ્લામાં ૦૬, આણંદમાં ૦૫, ભરૂચમાં ૦૫, રાજકોટમાં ૦૫, ભાવનગરમાં ૦૪, પાટણમાં ૦૪, અમદાવાદ જિલ્લામાં ૦૩, કચ્છમાં ૦૩, પંચમહાલમાં ૦૨, પોરબંદરમાં ૦૨, સુરેન્દ્રનગરમાં ૦૨, બનાસકાંઠામાં ૦૧ અને ગીર સોમનાથમાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૨૧૫૫ થયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૨૧૫૫ કોરોના રિકવરી રેટ ૯૮.૯૭ ટકા થયો છે. જ્યારે કોરોનાથી ૩૧૫ દર્દી સાજા થયા છે.

તમને જણાવી દઈએ કે દિલ્હીમાં કોરોનાના વધતા જતા કેસોને જોતા સ્વાસ્થ્ય મંત્રી સૌરભ ભારદ્વાજે લોકોને માસ્ક પહેરવાની અપીલ કરી છે. આ સાથે તેમણે દિલ્હીના લોકોને કહ્યું છે કે લોકોએ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં જવાનું ટાળવું જોઈએ. શારીરિક અંતરનું પાલન કરો.



પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૯૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૪-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સચિન પાયલોટે ૫ કલાકમાં ઉપવાસ કર્યા

## એક વર્ષથી મુખ્યમંત્રી પાસે ભ્રષ્ટાચાર પર કાર્યવાહીની માગ કરી રહ્યો હતો, સંઘર્ષ ચાલુ રહેશે : સચિન પાયલોટ




જયપુર,

જયપુરમાં પોતાના એક દિવસીય ઉપવાસ પૂર્ણ કર્યા બાદ સચિન પાયલોટે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે મેં રાજયના મુખ્યમંત્રીને ભૂતકાળમાં વસુંધરા રાજેની સરકારમાં થયેલા તમામ કૌભાંડો સામે પગલાં લેવા માટે પત્રો લખ્યા હતા, પરંતુ કોઈ પગલાં લેવાયા નથી.આથી મેં એક દિવસના ઉપવાસ (૫ કલાક) કર્યા છે. પાયલટે કોંગ્રેસ પાર્ટી તરફથી આપેલી ચેતવણીને નજરઅંદાજ કરી ઉપવાસ કર્યા હતાં આ પ્રસંગે તેમના સમર્થકોએ જિંદાબાદના નારા લગાવ્યા.

જયપુરમાં પોતાના એક દિવસીય ઉપવાસ પૂર્ણ કર્યા બાદ સચિન પાયલોટે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે મેં રાજયના મુખ્યમંત્રીને ભૂતકાળમાં વસુંધરા રાજેની સરકારમાં થયેલા તમામ કૌભાંડો સામે પગલાં લેવા માટે પત્રો લખ્યા હતા, પરંતુ કોઈ પગલાં લેવાયા નથી. સચિન પાયલટે કહ્યું, આજે હું વસુંધરા સરકારના તમામ ભ્રષ્ટાચારના કારણે ઉપવાસ પર બેઠો છું. આ એ જ મુદ્દો છે જેને લઈને અમે સંસદની બહાર અને સંસદની અંદર અમારી માંગણી રાખી હતી. જ્યારે વસુંધરાજી સરકારમાં હતા ત્યારે અમે ઘણા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો. તમને જણાવી દઈએ કે સચિન પાયલોટે વસુંધરા રાજે સરકારના કાર્યકાળ દરમિયાન કથિત ભ્રષ્ટાચાર સામે, વર્તમાન ગેહલોત સરકારમાં પગલાં ન લેવા બદલ એક દિવસીય ઉપવાસ કર્યા હતા.પોણા ચાર વાગ્યાની આસપાસ પાઈલોટના સમર્થકોએ તેમને મીઠાઈ ખવડાવીને ઉપવાસ તોડ્યા હતા. ઉપવાસ બાદ પાઈલોટે કહ્યું કે મેં ભ્રષ્ટાચાર સામે પગલાં લેવાના હેતુથી ઉપવાસ રાખ્યા હતા. જો સંગઠનની વાત હોય તો મેં સંગઠન સાથે વાત કરી હોત. આખું વર્ષ હું મુખ્યમંત્રી પાસે માગણી કરતો હતો. પાઈલટે કહ્યું કે ભ્રષ્ટાચાર સામે અમારી ઝીરો ટોલરન્સની નીતિ છે, તેથી કાર્યવાહી પણ થવી જોઈએ. મને આશા છે કે પગલાં લેવામાં આવશે. ભ્રષ્ટાચાર સામે અમારો સંઘર્ષ ચાલુ રહેશે, અમે ઈચ્છીએ છીએ કે દેશ અને રાજ્યમાં સ્વચ્છ રાજનીતિ હોવી જોઈએ.

સચિન પાઈલટે ભાજપના શાસનના ભ્રષ્ટાચાર અંગે પ્રભારી રંધાવા સાથે વાત ન કરવાના સવાલ પર કહ્યું કે રંધાવા હમણાં જ નવા પ્રભારી બન્યા છે. તેમની પહેલાં જેઓ ચાર્જમાં હતા તેઓએ પત્રની નકલ પર ચિહ્નિત કર્યું હતું. ચર્ચા કરતા રહે છે. રંધાવાએ કહ્યું હતું કે સચિન પાઈલટે તેમની સાથે ભાજપ શાસનના ભ્રષ્ટાચારની તપાસ અંગે કોઈ વાત કરી નથી.

પાઈલટ ભાજપના સીએમ વસુંધરા રાજેના શાસન દરમિયાન થયેલાં કૌભાંડોની તપાસની માગ સાથે મુખ્યમંત્રી ગેહલોત સરકાર સામે ઉપવાસ પર બેઠા હતા. તેઓ પોતાના સમર્થકો સાથે સવારે અહીં પહોંચ્યા હતા. કહેવામાં આવી રહ્યું હતું કે તેઓ અલગ રાજકીય લાઈન અપનાવી શકે છે, પરંતુ અત્યાર સુધી તેમણે આવી કોઈ જાહેરાત કરી નથી.

અહીં, પાઈલટના ઉપવાસ શરૂ થયા પછી રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે એક વીડિયો જાહેર કર્યો અને ફરી એકવાર મિશન ૨૦૩૦ની વાતનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું- મેં નક્કી કર્યું છે કે ૨૦૩૦ સુધીમાં રાજસ્થાનને દેશનું નંબર વન રાજ્ય બનાવવું છે. પાઈલટના ઉપવાસ વચ્ચે મિશન ૨૦૩૦નું પુનરાવર્તન કરવાનો રાજકીય અર્થ પણ કાઢવામાં આવી રહ્યો છે. સચિન પાઈલટના ઉપવાસની જાહેરાત બાદથી કોંગ્રેસમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. આંતરિક રાજકારણ ફરી ગરમાયું છે. રંધાવા બુધવારે મુખ્યમંત્રી અશોક ગેહલોત અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરાને મળશે. રંધાવાનું નિવેદન પાર્ટીના કડક વલણનો સંકેત આપે છે. જો કે તેમણે સચિન સાથે શાંતિપૂર્ણ વાતચીતની રજૂઆત કરી છે. પાઈલટના ઉપવાસમાં સામેલ થવા માટે રાજ્યભરમાંથી તેમના સમર્થકો જયપુર પહોંચ્યા હતાં આ પહેલાં પાઈલટ તરફી નેતાઓ અને ધારાસભ્યોએ પસંદગીના સમર્થકોને જયપુર પહોંચવાનો સંદેશ આપ્યો હતો. છેલ્લા બે દાયકામાં કોંગ્રેસના શાસનમાં પોતાની જ સરકાર સામે ઉપવાસ પર બેસવાની આ પહેલી ઘટના છે. રવિવારે સચિન પાઈલટે પોતાના ઘરે મીડિયા સમક્ષ ગેહલોતનાં વચનોનો વીડિયો બતાવ્યો હતો. આ સાથે ભૂખ હડતાળ પર બેસવાની જાહેરાત કરી હતી.સચિન પાઈલટે પોતાની જ સરકાર સામે ઉપવાસની જાહેરાત કરીને રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ વેગવંતી કરી છે. પાઈલટ વિશે નિષ્ણાતોનાં બે મંતવ્યો છે. એક વર્ગ એવો દાવો કરી રહ્યો છે કે પાઈલટ કોંગ્રેસમાં રહીને ગેહલોત વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા છે. પાઈલટ કોંગ્રેસ છોડીને પોતાની પાર્ટી બનાવે એવી શક્યતા રાજકીય નિષ્ણાતોનો એક વર્ગ વ્યક્ત કરી રહ્યો છે.

## જંત્રીદરમાં બદલાવ પૂર્વે પેન્ડીંગ જમીન બીનખેતી ફાઈલો કલીયર કરવા આદેશ

અમદાવાદ,

ગુજરાતમાં આગામી ૧૫મીથી જંત્રીદરમાં થનારા સુચિત વધારા વચ્ચે ગુજરાત હાઈકોર્ટે મહેસુલી વિભાગને અસરકર્તા અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જંત્રીદરમાં બદલાવ પૂર્વે તા.૧૩ મી એપ્રિલ સુધીમાં બીનખેતીની તમામ ફાઈલો કલીયર કરવાનો મૌખિક આદેશ કર્યો છે.

ખેતીની જમીનને બીનખેતીમાં બદલાવવા માટે કલેકટર તંત્રમાંથી પૂર્વ પરવાનગી મેળવવાની થતી હોય છે.હાઈકોર્ટે રાજયના તમામ જીલ્લા કલેકટરોને બીનખેતીનાં પડતર કેસોમાં અરજીઓનો નિકાલ કરવાની સુચના આપી છે. રાજયમાં આગામી ૧૫ મી એપ્રિલથી જંત્રીદરમાં વધારો થવાનો છે તે પૂર્વે હાઈકોર્ટનો આ ચુકાદો ઘણો મહત્વનો બની જાય છે. અદાલતે એવી પણ ટીપ્પણી કરી હતી કે બીનખેતીની અરજીઓનો નિકાસ ન થવાના સંજોગોમાં અરજદારોને પણ ઉંચા જંત્રીદર ચુકવવાનો વખત આવશે.

સરકારને વધુ મહેતલ આપવા માટે આ ઢીલ-પ્રયાસો સ્વરૂપે જોઈ શકાય છે. કૃષિ જમીનનાં બીનખેતીમાં ફેરવવા માટે રાજયભરમાં અરજીઓ પેન્ડીંગ હોવાના મુદ્દાની નોંધ લઈને ભાર્ગવ કારીયાએ કહ્યું હતું કે રાજયનાં તમામ જીલ્લા કલેકટરોને ૧૩ મી એપ્રિલ સુધીમાં જમીન બીનખેતી અરજીઓનો નિકાલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. અદાલતે રાજય સરકારને પણ એવી સુચના આપી હતી કે આ આદેશની નકલ તમામ જીલ્લા કલેકટરોને મોકલીને તાકીદ કરવામાં આવે.

ખેડા જીલ્લામાં વિજય પટેલ નામનાં ખાતેદારની જમીન બીનખેતીની પેન્ડીંગ અરજીનો કેસ હાઈકોર્ટમાં સુનાવણી માટે આવ્યો હતો અને તેમાં અદાલતે રાજયભરમાં પેન્ડીંગ કેસો સામેલ કરીને ત્વરીત નિકાલ કરવાનો ચુકાદો આપ્યો હતો. ખેડા જીલ્લાનાં કેસમાં વહીવટીતંત્ર દ્વારા ત્રુટીઓ કાઢવામાં આવતી હોવાના મુદ્દે નવી અરજી કરવાની સુચના આપી હતી. તે પછી તેઓએ ૬ એપ્રિલે નવી અરજી કરતા તંત્રએ ફરી વાંધા કાઢયા હતા. આ મામલે જીલ્લા કલેકટરને ત્વરીત કાર્યવાહી કરવાનો પણ આદેશ આપ્યો હતો. આ તકે ૧૫ મી એપ્રિલનો ઉલ્લેખ કરીને એવી ટકોર કરી હતી કે સરકાર તંત્ર ગમે તે રીતે નાણા ભેગા કરવા માંગે છે. કલેકટરોને સુચના ન મળે ત્યાં સુધી બીનખેતી પ્રક્રિયામાં આગળ વધતા નથી.

## કોરોના ઘાતક બન્યો ! દિલ્હી અને રાજસ્થાનમાં ૨૪ કલાકમાં ૩-૩ મોત, મહારાષ્ટ્રમાં પણ હાલત ખરાબ

નવીદિલ્હી,

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. સોમવારે છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં કોરોનાના ૪૮૪ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૩ દર્દીઓના મોત પણ થયા છે. દિલ્હીમાં કોરોનાનો ચેપ દર ૨૬.૫૮ ટકા નોંધાયો છે. આ દરમિયાન રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ કોરોનાના નવા કેસ સામે આવ્યા છે.

જાહેર કરવામાં આવેલા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં ૧૮૨૧ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જો કે, દિલ્હી સરકારે તેના હેલ્થ બુલેટિનમાં જણાવ્યું કે ૩ મૃત્યુ દિલ્હીમાં થયા છે. તેમના મૃત્યુનું પ્રાથમિક કારણ કોરોના નથી.

રાજસ્થાનના આરોગ્ય મંત્રાલયના સોમવારે જારી કરાયેલા અહેવાલ મુજબ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૯૭ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન રાજ્યમાં ત્રણ દર્દીઓના મોત થયા છે. રાજધાની જયપુરમાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાયા છે. અહીં કોરોનાના ૫૫ નવા કેસ નોંધાયા છે. રાજ્યના આરોગ્ય મંત્રાલયના અહેવાલ મુજબ રાજસ્થાનમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા વધીને ૮૦૪ થઈ ગઈ છે. તે જ સમયે, મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૨૮ નવા કેસ નોંધાયા છે. અહીં એક દર્દીનું પણ કોરોનાને કારણે મોત થયું છે. રવિવારે મહારાષ્ટ્રમાં ૭૮૮ નવા કેસ નોંધાયા હતા. એટલે કે ગઈકાલની સરખામણીમાં ૫૦ ટકા ઓછા કેસ સામે આવ્યા છે. રાજ્યમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૪૬૬૭ છે.

ગુજરાતમાં કોરોનાના નવા કેસો વધી રહ્યા છે. જેમાં ૦૭ એપ્રિલના રોજ કોરોનાના નવા ૩૨૮ કેસ નોંધાયા છે.અમદાવાદમાં ૯૩, સુરતમાં ૩૧, મહેસાણામાં ૨૬, વડોદરામાં ૨૫, મોરબીમાં ૨૩, વડોદરા જિલ્લામાં ૧૮, ગાંધીનગરમાં ૧૬, સાબરકાંઠામાં ૧૨, વલસાડમાં ૧૧,સુરત જિલ્લામાં ૧૦, અમરેલીમાં ૦૭, નવસારીમાં ૦૭, ગાંધીનગરમાં ૦૬, રાજકોટ જિલ્લામાં ૦૬, આણંદમાં ૦૫, ભરૂચમાં ૦૫, રાજકોટમાં ૦૫, ભાવનગરમાં ૦૪, પાટણમાં ૦૪, અમદાવાદ જિલ્લામાં ૦૩, કચ્છમાં ૦૩, પંચમહાલમાં ૦૨, પોરબંદરમાં ૦૨, સુરેન્દ્રનગરમાં ૦૨, બનાસકાંઠામાં ૦૧ અને ગીર સોમનાથમાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૨૧૫૫ થયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૨૧૫૫ કોરોના રિકવરી રેટ ૯૮.૯૭ ટકા થયો છે. જ્યારે કોરોનાથી ૩૧૫ દર્દી સાજા થયા છે.

તમને જણાવી દઈએ કે દિલ્હીમાં કોરોનાના વધતા જતા કેસોને જોતા સ્વાસ્થ્ય મંત્રી સૌરભ ભારદ્વાજે લોકોને માસ્ક પહેરવાની અપીલ કરી છે. આ સાથે તેમણે દિલ્હીના લોકોને કહ્યું છે કે લોકોએ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં જવાનું ટાળવું જોઈએ. શારીરિક અંતરનું પાલન કરો.




મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના થકી ગુજરાતના ગરીબોને મળી અન્ય ઉપરની નિર્ભરતામાંથી મુક્તિ



મહીસાગર,

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (પીએમ-જીકેએવાય)આત્મનિર્ભર ભારતના ભાગ રૂપે સ્થળાંતર કરનારા અને ગરીબ લોકોને મફત અનાજ પૂરૂં પાડવાની યોજના છે. આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે રહેતા બી પી એલ કાર્ડ ધારક લાભાર્થી બાબુભાઈ મણીલાલ ભાટિયા જણાવે છે કે, તેઓ હેર કટિંગની દુકાનમાં છુટક મજુરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના કામમાં આર્થિક અનિશ્ચિતતા રહેલી છે, રોજનું કમાય રોજનું પેટ ભરવા જેવી સ્થિતી છે, એમાંય જો કોઈ દિવસ કામ પર જઈ ન શકાય કે બિમાર પડી જવાય તો એનો વધારાનો ખર્ચ તો ખરો જ પણ રોજીંદા પેટ ભરવાના ખર્ચને પહોંચી વળવા પણ કોઈ બીજા પાસેથી ઉછીના પૈસા લેવાનો વારો આવે, આમ ક્યારેક તો વ્યાજચક્રમાં ફસાઈ જવાનો ડર પણ લાગે. પરંતુ આજે સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાન મારફત સતત અને ગુણવત્તાયુક્ત અનાજ જે રીતે પુરૂ પાડવામાં આવે છે તેના થકી પોતાના અને કુટુંબના ભરણ પોષણની ચિંતામાંથી મુક્ત થયા છીએ. પરિસ્થિતી સાથ આપે કે ન આપે પરંતુ સરકારની આ યોજના બે ટંકનું ભોજન તો જરૂર આપશે. આ યોજના અંતર્ગત સરકાર દ્વારા મને હાલના ધોરણે દર મહિને વિનામૂલ્યે ઘઉં ૬ કિલો, ચોખા ૯ કિલો, દાળ ૧ કિલો, ચણા ૧ કિલોઅને મોરસ ૧ કિલો મળે છે.

સરકારની આ યોજના ખૂબ સારી છે. કોરોના જેવા કપરા સમયે કોણ વાળ કપાવવા આવે ? અને લોકડાઉનના કારણે બહાર નીકળી શકાય તેમ પણ ન હતું, આવી વિશ્વવ તારાજીના સમયે પણ આ યોજનાના કારણે પોતાના અને પોતાના કુટુંબના ભરણપોષણની ચિંતામાંથી મુક્ત રહ્યા છીએતો તેનું કારણ સરકારની આ યોજના થકી આપવામાં આવતી સહાય જ છે. અમે સરકારના હંમેશા આભારી રહીશું.

મહીસાગરના લુણાવાડા ખાતે રહેતા અન્ય એક લાભાર્થી સતીષભાઈ ભટ જણાવે છે કે, તેઓ એપીએલ કાર્ડ ધારક છે. તેઓલગ્ન પ્રસંગમાં રસોઈ કામના કાર્યમાં છુટક મજુરી કરી પોતાનું અને પરીવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે એમની આવક એટલી ઓછી અને અનિચ્ચિતતા ભરી છે કે એટલા પૈસામાં પરિવારનું ભરણપોષણ કરૂં તો અન્ય ખર્ચ ન કરી શકાય અને અન્ય ઘર ખર્ચ કરતું ભરણપોષણમાં પણ લાલા પડે. સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દર મહિને વિનામૂલ્યે અનાજ આપવામાં મને મળી રહ્યુ છે. જેના કારણે મને કુંટુંબના ભરણપોષણની ચિંતામાંથી છુટકારો મળ્યો.

ભારત જેવા વિશાળ દેશમાં સરકાર અને પ્રજાના સહયોગથી આપણે આર્થિક ક્ષેત્રે સતત આગળ આવી રહ્યા છે. જીડીપીથી માંડી વ્યકિતગત આવકમાં પણ સુધારો જોવા મળી રહ્યો છે, પરંતુ વિશાળ દેશમાં રાતો રાત કોઈ ચમત્કારથી તો બદવાલ નહીં આવે, સરકારના નાના પ્રયાસો અને પ્રજાને પોતીકા માની તેમની સતત ચિંતા કરવાની આ ટેવને કારણે જ આપણે આગળ આવી શકીશું અને ગુજરાતના શાંત અને દ્રઢ નિશ્ચય ધરાવનાર મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે આ દીશામાં ખુબ જ પ્રસંશનીય કામ કરી રહી છે. જે અંતર્ગત છેલ્લા બે વર્ષમાં એટલે કે જાન્યુઆરી ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં મહીસાગર જિલ્લામાં કુલ ૧,૬૩,૬૨૦.૮૯ મેટ્રિક ટન અનાજના જથ્થાનું જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવ્યું છે, વધુમાં મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં NFSA અને PMGKY અંતર્ગત કડાણા તાલુકામાં ૨૦,૯૧૫.૮૭૪ મેટ્રિક ટન, ખાનપુર તાલુકામાં ૧૮,૭૭૦.૦૬૯ મેટ્રિક ટન, બાલાસિનોરમાં ૨૫,૧૫૩.૧૩૫ મેટ્રિક ટન, લુણાવાડામાં ૪૦,૫૮૪.૭૫૭ મેટ્રિક ટન, વિરપુરમાં ૧૭,૨૮૬.૩૬૩, તેમજ સંતરામપુર તાલુકામાં ૪૦,૯૧૦.૬૯૨ મેટ્રિક ટન એમ કુલ ૧,૬૩,૬૨૦.૮૯ મેટ્રિક ટન અનાજના જથ્થાનું રાહત દરે-વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે.

# રેપિડ એક્શન ફોર્સની બટાલિયન દ્વારા મહીસાગર જિલ્લામાં સંવેદનશીલ વિસ્તારની પરિચય કવાયત યોજાઈ




મહિસાગર,

રેપિડ એક્શન ફોર્સની ૧૦૦ બટાલિયન અમદાવાદની એક પ્લાટુન સંવેદનશીલ વિસ્તારના પરિચય પ્રેક્ટિસ કવાયત અંતર્ગત કમાન્ડન્ટ ગોવિંદપ્રસાદ ઉનિયાલના આદેશાનુસાર ઉપકમાન્ડન્ટ મોહનસિંગના નેતૃત્વમાં મહીસાગર જિલ્લા કલેકટર ભાવિન પંડ્યા,પોલીસ અધિક્ષક આર પી બારોટ સાથે સંકલન સાધી જિલ્લાની મુલાકાતે આવેલ છે.

ત્યારે આજે રેપિડ એક્શન ફોર્સ અને પોલીસ ટીમ દ્વારા જિલ્લા મથક લુણાવાડાના લુણેશ્વર ચોકી, દરકોલી દરવાજા, ફુવારાચોક,માંડવી બજાર, ગોળબજાર, હુસેની ચોક, આસ્તાના બજાર વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજી હતી. આર એ એફના જવાનોની શિસ્તબધ્ધ કવાયતે સ્થાનિક પ્રજાજનોમાં આકર્ષણની સાથે કુતૂહલ જમાવ્યું હતું. આ ફ્લેગમાર્ચમાં આર એ એફની સાથે ડીવાયએસપી જે જી ચાવડા, પી આઈ ધેનુ ઠાકર સહિત પોલીસ જવાનો જોડાયા હતા.

આ પ્લાટૂનની કવાયતનો મુખ્ય ઉદ્દેશ જિલ્લાના સંવેદનશીલ,અતિ સંવેદનશીલ વિસ્તારો વિશે માહિતી મેળવવાની સાથે સાથે જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક સાથે સંકલન કરવાનો છે તેમજ વરિષ્ઠ નાગરિકો, સામાજિક કાર્યકરો અને મહાનુભાવો સાથે મળી વાર્તાલાપ કરી જીલ્લા અને ભૂતકાળમાં થયેલા રમખાણો અને અન્ય પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવવા માટેનો છે. પરિચય કવાયત દરમિયાન છેલ્લાં કેટલાંક વર્ષોમાં જિલ્લાની ભૌગોલિક સ્થિતિ,કાયદો અને વ્યવસ્થા વિશેની મહત્વપૂર્ણ માહિતી એકઠી કરવી, કટોકટીની સ્થિતિમાં કોમી રમખાણો દરમિયાન પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં મદદરૂપ મુખ્ય સંસાધનો શોધવા અને તેની સાથે સ્થાનિક સત્તાધિકારીએ સંકલન કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા જારી કરાયેલી અનેક પ્રવૃતિઓમાં સહભાગી બની ફરજ બજાવવા માટે આ કવાયત માટે ઉપસ્થિત પ્લાટુન દ્વારા વિસ્તારોમાં તંદુરસ્ત વાતાવરણ જાળવવા માટે રમતગમત અને સામાન્ય લોકોમાં વિશ્વાસ ઉભો કરવા સાથે એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત જિલ્લાઓમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવે છે.પરિચય કવાયત હાથ ધરવાનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય લોકોમાં પોલીસ દળની છબીને મજબૂત કરવાનો છે અને અસામાજિક તત્વોને સખત પડકાર આપીને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સ્થાનિક પોલીસને મદદ કરવાનો છે.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ ખાતે જયોતિબા ફુલેની ૧૯૬મી જન્મ જયંતિની ઉજવણી કરાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર, કોલેજના ઈતિહાસ વિભાગ દ્વારા ૧૧ એપ્રિલ જ્યોતિબા ફૂલેની ૧૯૬ મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સેમેસ્ટર ૬ ના વિદ્યાર્થી ગણપત પટેલ તેમજ પંકજ બારીયા દ્વારા જ્યોતિબા જીવન અને કાર્ય વિશે પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. ઈતિહાસ વિભાગના અદ્યક્ષ ડોક્ટર અમૃત ઠાકોર દ્વારા જ્યોતિબાના જીવન અને કાર્યનો પરિચય કરાવવામાં આવ્યો. ડો. ઠાકોરે જણાવ્યું હતુ કે જ્યોતિબા ફૂલે દ્વારા સમાજ સુધારણાના ક્ષેત્રે જે કામો થયા જેવાકે ૨૦૦ વર્ષ પહેલા જ્યોતિબા ફુલે એ ૧૮ જેટલી કન્યા શાળાઓ શરૂ કરવી, પોતાની પત્નીને ભણાવી શિક્ષિકા બનાવવી,અનાથ આશ્રમ શરૂ કરવા, વિધવા ગૃહ શરૂ કરી અનાથ બાળકોનો ઉછેર કરવો,વિધવાઓના વાળ મુંડન જેવી કુપ્રથાઓનો વિરોધ કરવો,વિધવાઓનાં પુનરલગ્ન, અછૂતો માટે પોતાના ઘરનો કૂવો ખુલ્લો મૂકવો, અછૂતો ને પોતાના ઘરે બોલાવી ભોજન આપવું,વગેરે જેવી સમાજ સુધારા ક્ષેત્રે જે કામગીરી થઈ તે સમયથી ઘણી આગળની વાત કહી શકાય. જ્યોતિબા દ્વારા લેખિત કિસાનો કા કોડા, સત સાર, ઈશારા જેવા પુસ્તકો વિશે વાત કરવામાં આવી વિધવાઓની સ્થિતિ સુધારવા અને વર્ણવ્યવસ્થાના નામે જે ભેદભાવ થતા હતા તેના માટે જ્યોતિબાએ આપેલી લડત અંગે સુંદર વ્યાખ્યાન આપ્યુ હતુ. આ પ્રસંગે કોલેજના વાઈસ પ્રિન્સિપાલ ડોક્ટર આઈ એલ રાઠવા એ પણ મહાત્મા જ્યોતિબાના કાર્ય વિશે સુંદર રજૂઆત કરી હતી. ને કો-ઓર્ડીનેટર દેવરાજ નંદા પણ આજથી ૨૦૦ વર્ષ પૂર્વે પછાત વર્ગોમાં અને કન્યાઓમાં શિક્ષણની જ્યોત જગાવનાર જ્યોતિબા ફુલેનો ખુબ આભાર માન્યો હતો. આ પ્રસંગે ઈતિહાસ વિભાગના પ્રો.શકુંતલા મેડમ, પ્રો.ભારતી મેડમ, સમાજશાસ્ત્ર વિભાગમાંથી કામિની મેડમ, પ્રો.પંકજ ચૌધરી, હિન્દી વિભાગમાંથી ડોક્ટર વિનોદ વણકર, અંગ્રેજી વિભાગમાંથી પ્રોફેસર દીપ્તિ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સેમ ૬ ની વિદ્યાર્થીની ખરાડી દિક્ષિતા એ કર્યું હતું. કાર્યક્રમના અંતે બધા જ ઉપસ્થિત અદ્યાપકો અને વિદ્યાર્થીઓએ મહાત્મા જ્યોતિબા ફુલેના ફોટો સમક્ષ પુષ્પ અર્પણ કરીને પુષ્પાંજલિ આપી હતી.

# વીરપુરના લીમરવાડા ખાતે રામાવત ફળીયાની આંગણવાડીમાં બાળકોના બાલભોગની બબાલ

લુણાવાડા,

લીમરવાડા રામાવત ફળીયાની આંગણવાડીમોં કુપોષિત ભૂલકાઓને બાલભોગની કિટ ના મળવાની ફરિયાદો ઉઠી છે. ત્યારે સ્થાનિકોનો આંગણવાડી સંચાલક અને સેવિકા પર બાલભોગ ચાવ કરી જવાનો સીધો ઉગ્ર આક્ષેપ છેકે, નિર્દોષ કુપોષિત ભૂલકાઓની શું ભૂલ કે બાલભોગના લાભથી વંચિત રહી ગયા છે. ત્યારે M.M.Y. યોજના હેઠળ સગર્ભા ધાત્રી માતાઓને ચણા તેલ જેવી કિટ ઓફલાઇન આપવામાં આવે છે. જે અભણ અને અજ્ઞાન લભાર્થીઓને પણ કિટ થી વંચિત કેમ?? આંગણવાડી સેવિકાને માતા યશોદાનું રૂપક આપવામાં આવ્યું છે. ત્યારે આ માતા યશોદા નિર્દોષ નટખટ કન્હેંયાના મુખ માંથી કિટ છીણવી રહ્યા છે. તેવા સ્થાનિકો અને વાલીઓ દ્વારા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. આંગણવાડીનું મકાન સુવ્યવસ્થિત હોવા છતાં પણ અનાજની કિટો સંચાલકના ઘરે ઉતારી સગેવગે કરવાનું પણ ષડયંત્ર હોવાનું ચર્ચાઈ રહ્યું છે, તેમજ મેનુ પ્રમાણે રસોઈ પણ બનાવવામાં આવતી નથી. તેમજ દસ બાળકોની જગ્યાએ વધુ બાળકોનું ખોટું હાજરી રજીસ્ટર નિભાવવામો આવે છે અને તે પણ ઘરે બેઠા હાજરી પુરવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રથી ૫૦૦ મીટર દૂર સેવિકાનું રહેણાંક હોય, તેમજ વાલીઓ બાલભોગ લેવા જાય તો ચોર કોટવાલને દંડે તેમ ખોટા કેસ કરવાની પણ ધમકીઓ આપવામાં આવે છે. તેમજ ગોડાઉન મેનેજર પૂરતો જથ્થો આપેલ છે તેવું જણાવે છે. મામલતદાર પણ પૂરતો જથ્થો ફાળવેલ હોવાનું જણાવેલ તો હાલ બંધ સ્ટોક નથી. સંચાલક ઘરેથી ચોખા લાવીને કેન્દ્રની નિભાવણી કરવાનું રટણ કરે છે, તો આ જથ્થો સંચાલક ખાયકી કરી ગયા કે પછી સસ્તા અનાજના દુકાનદારો એ એક મોટો સવાલ છે.

# દાહોદ જીલ્લામાં બે હીટ એન્ડ રનની ઘટનામાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં જુદા જુદા સમયે અને જુદી જુદી જગ્યાએ હીટ એન્ડ રનની બનેલી બે ઘટનામાં ૨૨ વર્ષીય યુવાન સહીત બ જણા કાળનો કોળીયો બન્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલી હીટ એન્ડ રનની બે ઘટનાઓ પૈકીની એક ઘટના દાહોદ તાલુકાના ખરેડી ગામે નાળા પાસે રોડ પર ગતરાતના આઠેક વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યા વાહન ચાલકે તેના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી ધામરડા ગામના રાહડુંગરી પળિયાના ૨૨ વર્ષીય સુક્રમભાઈ કાળુભાઈ બારીયાની જીજે-૨૦ બીબી-૩૫૧૦ નંબરની યામાહા એફ ઝેઢ મોટર સાયકલને આગળથી ટક્કર મારી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતાં સુક્રમભાઈ કાળુભાઈ બારીયા મોટર સાયકલ પરથી ફંગોળાઈ રોડ પર પટકાતાં તેને માથાના ભાગે હાથે પર તથા પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું.

આ સંબંધે ધામરડા ગામના મરણજનાર સુક્રમભાઈ બારીયાના મોટા ભાઈ લાલુભાઈ કાળુભાઈ બારીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

જ્યારે દાહોદ જિલ્લામાં હીટ એન્ડ રનન બીજી ઘટના ગત મધરાતે લીમીડીથી દાહોદ હાઈવે પર આવેલ પાવડી ગામે રોડ પર બનવા પામી હતી જેમાં એક અજાણ્યો વાહન ચાલક તેના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવતાં રણીયાર ઈનામી ગામના ૩૬ વર્ષીય પ્રકાશભાઈ નાનજીભાઈ ભાભોરની જીજે-૨૦ એએ-૦૧૧૨ નંબરની મોટર સાયકલને ટક્કર મારી નાસી જતાં મોટર સાયકલ પરથી ફંગોળાઈ રોડ પર પટકાયેલા પ્રકાશભાઈ ભાભોરને જમણો પગ સાથળ તેમજ પંજામાંથી ભાંગી જતાં તથા માથામાં ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે વડોદરા ખાતેની અધિક્યુરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું. આ સંબંધે રળીયાણ ઈનામી ગામના મરણ જનાર પ્રકાશભાઈ નાનજીભાઈ ભાભોરના પિતા ૬૦ વર્ષીય નાનજીભાઈ ગલજીભાઈ ભાભોરે નોંધાવેલી ફરિયાદને આધઝારે લીમડી પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



દાહોદ શહેર ને સ્માર્ટ સિટીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા પછી દાહોદમાં એક પછી એક નવીન કર્યો થઈ રહ્યા છે. જેના ભાગ રૂપે આજે ચંદ્રશેખર આઝાદ માર્ગ ઉપર આજે દાહોદના અધ્યતન મુખ્ય પ્રવેશ દ્વારનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું આ મુખ્ય પ્રવેશ દ્વાર આરસીસી કોલમ બીમ ઉપર ગેટ બનશે. ત્યાર બાદ CNC કટીંગ અને FRC મટીરીચલનો ઉપયોગ કરી પ્રવેશ દ્વાર ઉપર લાઈટિંગ કરી એકદમ અલાયદો લુક આપવામાં આવશે. આ મુખ્ય પ્રવેશ દ્વારનું ખાતમુહૂર્ત દાહોદ નગર પાલિકા પ્રમુખ રીના પંચાલ, ઉપપ્રમુખ અબ્દી ચલ્લવાલા, નગર સેવક બીજલ ભરવાડ, પક્ષના નેતા રાજેશ શેહતાઈ, રંજનબેન ભૈયા, ભરત સોલંકી, શ્રધ્ધા ભડાંગ, નગર પાલિકા ચીફ એન્જિનિયર કોન્ટ્રાકટર તથા પાલિકાના અન્ય સભ્યો તથા કાર્યકર્તા અને સ્થાનિક વોર્ડના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદના સાંસદે માર્ગ પરિવહન મંત્રી સાથે મુલાકાત કરી

દાહોદ,

દાહોદ જિલ્લામાંથી પસાર થતાં અમદાવાદ ઈન્દૌર હાઈવે પર ભથવાડા અને વાવડી ટોલ બુથ આવેલ છે. આ બંન્ને ટોલ બુથ ૩૦ કિલો મીટરના અંતરેજ આવેલ હોવાથી આ મામલે દાહોદના સાંસદ દ્વારા દેશના માર્ગ પરિવહન મંત્રી સાથે રૂબરૂ મુલાકાત કરી બંન્નેમાંથી એક ટોલ બુથને હટાવવાની માંગણી કરી છે. દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે તેમાંય ખાસ કરીને ગરીબ આદિવાસી પ્રજા તેમજ મધ્યમ વર્ગીય લોકોને રોજગારી મળી રહે તે માટે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. આવા સમયે દાહોદ જિલ્લામાંથી પસાર થતાં અમદાવાદ ઈન્દૌર હોઈવે પર માત્ર ૩૦ કિલો મીટરના અંતરે બે ટોલ બુથો આવેલ છે. જ્યારે નિયમ પ્રમાણે ૬૦ કિલો મીટરના અંતરે ટોલ બુથ હોવા જોઈએ પરંતુ દાહોદ જિલ્લામાં એક ભથવાડા ટોલ બુથ અને તેનાથી માત્ર ૩૦ કિલો મીટરના અંતરે વાવડી ટોલ બુથ પણ આવેલ છે. કોઈપણ વ્યક્તિને દાહોદથી અમદાવાદ કે અમદાવાદથી દાહોદ આવવું જવું હોય તો કુલ ૦૪ ટોલ બુથ પરથી પસાર થવુ પડે છે તેમાંય દાહોદ જિલ્લામાંથી આ ઉપરોક્ત બે બુથો માત્ર ૩૦ કિલો મીટરના અંતરે હોવાને કારણે વાહન ચાલકોને બમણો ટોલ ટેક્ષ ભરવો પડે છે. જેને પગલે લોકોમાં ભારે નારાજગી પણ જોવા મળી રહી છે. ત્યારે આ મામલે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરે ગંભીરતાથી લઈ દેશના માર્ગ પરિવહન મંત્રી નીતીન ગડકરી સાથે રૂબરૂ મુલાકાત કરી હતી અને તેઓને જણાવ્યું હતુ કે, દાહોદ જિલ્લામાં આવેલ ભથવાડા ટોલ બુથ અથવા વાવડી ટોલ બુથ બંન્નેમાંથી એક ટોલ બુથને હટાવવામાં આવે જેથી દાહોદ જિલ્લાની જનતાને તેનો લાભ મળી શકે. ભથવાડા ટોલ બુથ પર તો બમણો ટોલ ટેક્ષ વસુલવામાં આવતો હોવાની પણ બુમો ઉઠવા પામી છે જેના પગલે અવર જવર કરતાં વાહન ચાલકોમાં ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.

# મહીસાગર જિલ્લામાં ૨૩ એપ્રિલ સુધી મતદાર સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરેક મતદાન મથક ખાતે યોજાશે

મહીસાગર,

જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર મહીસાગર ભાવિન પંડ્યા દ્વારા જણાવવામાં આવે છે કે મહીસાગર જિલ્લામાં તા.૧લી એપ્રિલ-૨૦૨૩ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ તા.૦૫/૦૪/૨૦૨૩ થી તા.૨૩/૦૪/૨૦૨૩ સુધી હાથ ધરવામાં આવેલ છે.

મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન તા.૧લી ઓક્ટોબર-૨૦૨૩ સુધીમાં ૧૮ વર્ષ પુર્ણ થતાં હોય તેવી વ્યકિતઓ મતદારયાદીમાં નામ નોંધાવી શકશે. એટલું જ નહી મતદારો મતદારયાદીમાં નામ નોંધાવવા ઉપરાંત મતદારયાદીમાં રહેલ ક્ષતિઓ સુધારવાની તથા નામ કમી કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

તેમજ તા.૧૬/૦૪/૨૦૨૩, તા.૨૩/૦૪/૨૦૨૩ (રવિવાર)ના દિવસોએ નિયોજીત સ્થળોએ ઓફલાઈન અરજીઓ સ્વિકારવામાં આવશે. તે સિવાય મતદારો ઓનલાઈન સ્વરૂપે વોટર હેલ્પલાઈન એપ, www.voterportal.eci.gov.in,www. voters.eci.gov.in મારફતે મતદારયાદીમાં પોતાના નામ ઉમેરો, કમી તથા સુધારો કરી શકશે.

જેથી મહીસાગર જિલ્લાના નાગરીકોને તા.પમી એપ્રિલ-૨૦૨૩ થી શરૂ થયેલ મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન નામ નોંધાવવા તેમજ મતદારયાદી ક્ષતિઓમાં સુધારો કરાવી લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર મહીસાગર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.



તા.૧૧/૪/૨૦૨૩ ના રોજ ગાડીયા જિલ્લા પંચાયતના પાદેડી અડોર શક્તિ કેન્દ્રમાં મહા મહિમ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂરમના લોકસભા સંબોધન અંગેની પ્રોસિડિંગ વાંચન ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ બળવંતભાઈ પટેલિયા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે શક્તિ કેન્દ્ર પ્રમુખ નરેન્દ્રસિંહ ગામના સરપંચ સોમાભાઈ એલ.ડામોર, બુથ પ્રમુખો કાર્યકર્તાઓ અને ગ્રામજનોની હાજરીમાં વાંચન કરવામાં આવ્યું.

## આપની આજ.......

મેષ : પતિ-પત્ની વચ્ચે મધુરતા રહેશે. વેપારમાં લાભ પ્રાપ્તિ માટે કરેલાં નવા કરાર વિકસિત થશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. ઘરની દેખરેખ તથા સજાવટને લગતા કાર્યોમાં સારો સમય પસાર થશે.

વૃષભ : વેપારમાં આજે પરિસ્થિતિ સામાન્ય જ રહેશે. સ્વાસ્થ્ય સારુ રહેશે. આ સમયે તમારા નિર્ણય ઉપર જ વિશ્વાસ રાખો. આજે દોડભાગ વધારે રહેશે

મિથુન: બેદરકારી અને મોડું કરવાથી કોઇ મહત્ત્વપૂર્ણ કામ અટકી શકે છે. લગ્નજીવનમાં મધુરતા રહેશે. આ સમયે તમારી વ્યવસાયિક પાર્ટીઓ સાથે સંબંધોને વધારે સારા કરવાની જરૂરિયાત છે. આજનો દિવસ પરિવાર સાથે સારો પસાર થશે.

કર્ક : ઘરના કોઇ સભ્યની નકારાત્મક ગતિવિધિથી તમને ચિંતા થઇ શકે છે. લગ્ન યોગ્ય વ્યક્તિઓ માટે ઉત્તમ સંબંધ આવે તેવી શક્યતા છે. આજે આર્થિક સ્થિતિમાં સુધાર આવશે. સીઝનલ બિમારી આવી શકે છે.

સિંહ : મુશ્કેલી કે વિઘ્નો સિવાય તમે તમારા બધા કામને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો. તમને કોઇ મુશ્કેલ સમયમાં પરિવારના સભ્યોનો પૂર્ણ સહયોગ મળશે. તમારા બજેટને તમારી જરૂરિયાતો પ્રમાણે સીમિત અને સંતુલિત રાખો. વાહન ચલાવતી સમયે બેદરકારી ન રાખો.

કન્યા : કામકાજમાં વધારે રહી શકે છે. પેટમાં દુખાવો અને ગેસની સમસ્યા રહી શકે છે. પારિવારિક સુખ-શાંતિ જળવાયેલી રહેશે. તમારા મનમાં જે કલ્પનાઓ અને સપના છે, તેમને સાકાર કરવાનો યોગ્ય સમય છે.

તુલા : સહયોગીઓ અને કર્મચારીઓ સાથે સંબંધ ખરાબ થવા દેશો નહીં. માંસપેશીઓમા દુખાવો રહી શકે છે. મિત્રો સાથે વધારે હરવા-ફરવામાં સમય ખરાબ ન કરો. મનમાં ચાલી રહેલી કોઇ દુવિધાનું પણ સમાધાન મળી શકે છે.

વૃશ્ચિક : કાર્યક્ષેત્રમાં શાંતિથી કાર્ય પૂર્ણ થતાં જશે. માંસપેશીઓમાં દુખાવાની તકલીફ રહેશે. ધન પ્રાપ્તિની દિશામાં કરેલાં પ્લાનમાં સફળતા પ્રાપ્ત થઇ શકે છે. પતિ-પત્નીમાં એકબીજા સાથે તાલમેલ સારો રહેશે.

ધન : ખર્ચ વધારે રહેવાની અસર તમારી શાંતિ અને ઊંઘ ઉપર થઇ શકે છે. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે. વ્યાપારિક સ્પર્ધામાં આજે તમને કોઇ વિશેષ સફળતા પ્રાપ્ત થવાની છે. તમારી અંદર કઇંક વધારે સારું શીખવા અને કરવાની દઢ ઈચ્છા જાગૃત થશે.

મકર : પ્રોપર્ટીને લગતા વ્યવસાયમાં કોઇ મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે. આજે દોડભાગ વધારે રહેશે. ભૂતકાળની વાતોને વર્તમાન ઉપર હાવી થવા દેશો નહીં. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે.

કુંભ : કામકાજને લઈને થોડો ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવો લાભદાયક રહેશે. ઈન્ફેક્શન અને તાવની સ્થિતિ રહી શકે છે. કોઇપણ મુશ્કેલી સમયમાં અનુભવી પાસેથી સલાહ લેવી યોગ્ય રહેશે. લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સમય અનુકૂળ છે.

મીન : કાર્યક્ષેત્રમાં કરવામાં આવેલી મહેનતનું યોગ્ય પરિણામ પ્રાપ્ત થઇ શકે છે. ધનને લગતી નીતિઓમાં કોઇપણ પ્રકારની ઉતાવળ ન કરો. તમારા ગુસ્સા ઉપર કાબૂ રાખો. તમારી કાર્યપ્રણાલીમાં કરેલું કોઇ પરિવર્તન પોઝિટિવ રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ શહેરમાં ઓવરલોડ ભારે વાહનોને પગલે ટ્રાફિકની વધતી સમસ્યા



## સવારે ૮થી સાંજના ૭ વાગ્યા સુધી ઓવરલોડ વાહનો પર પ્રતિબંધ લગાવવામાં આવે તે જરૂરી

દાહોદ,
દાહોદ શહેરમાં આવેલ ગોદીરોડ અંડર બ્રિજથી લઈને ઓવર બ્રિજ સુધી આ વિસ્તારમાં દરરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતાં રહે છે. મોટા અને ભારે વાહનોના કારણે અહીં ટ્રાફિકની સમસ્યાઓ સર્જાઈ રહી છે. સમયસર શાળાએ જતાં બાળકો અને નોકરી ધંધા પર જતાં વ્યક્તિઓને આ ટ્રાફિક જામના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારમાં ભારે વાહનોની અવર જવરના કારણે માર્ગ અકસ્માતની પણ ભીતી સર્જાઈ શકે તેમ છે અને ભુતકાળમાં આ માર્ગ પર અકસ્માતો પણ સર્જાઈ ચુક્યા છે અને જેને કારણે નિર્દોષ વાહન ચાલકોએ પોતાનો જીવ પણ ગુમાવી ચુક્યાં છે. આવા સતત અવર જવર વાળા વિસ્તારોમાં સવારે ૦૮ થી સાંજના ૦૭ વાગ્યા સુધી ઓવરલોડ મોટા અને ભારે વાહનોને પર પ્રતિબંધ લગાવવામાં આવે તે અત્યંત જરૂરી છે.

દાહોદ સ્માર્ટ સીટી તરફ પ્રયાણ કરી રહ્યું છે. હાલ પણ દાહોદ શહેરવાસીઓ અનેક સમસ્યાઓથી હેરાન પરેશાન છે પરંતુ સૌથી વધુ પરેશાની શહેરવાસીઓને ટ્રાફિક જામના કારણે થઈ રહી છે. દાહોદ શહેરમાં જ્યાં જુઓ ત્યાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાતા રહે છે. માત્ર શહેરના બે સ્થળોએ ટ્રાફિક સિંગ્નલ ચાલુ હોવાને કારણે આ સ્થળોએ ટ્રાફિકની સમસ્યા સર્જાતી નથી જેમાં ભરપોડા સર્કલ અને સ્વામી વિવેકાનંદ ચોક ખાતે ટ્રાફિક નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે. અન્ય સ્થળોએ ભારે ટ્રાફિક જામના કારણે લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. દાહોદ શહેરનો પડાવ વિસ્તાર, બહારપુરા વિસ્તાર, ગોવિંદનગર, ચાકલીયા રોડ, ગોડી રોડ જેવા વિસ્તારોમાં સતત ટ્રાફિક સમસ્યા ઉદ્‌ભવી રહી છે તેમાંય ખાસ કરીને ગોદી રોડ અંડર બ્રીજથી લઈને ઓવર બ્રીજ સુધી ગોડી રોડના આ વિસ્તારમાં ભારે ટ્રાફિક સમસ્યાઓ ઉદ્‌ભવી રહી છે. આ સ્થળે ટ્રાફિક જામના કારણે શાળાએ જતાં બાળકો તેમજ નોકરી, ધંધાના સ્થળે જતાં લોકો સમયસર પોતાના નિર્ધારિત સ્થળે પહોંચી શકતા નથી. આ વિસ્તારમાં મોટા અને ભારે વાહનોની અવર જવરના કારણે માર્ગ અકસ્માતના બનાવો પણ બને તેવો ડર લોકોને સતાવી રહ્યો છે. ભુતકાળમાં આ વિસ્તારમાં સર્જાયેલ માર્ગ અકસ્માતમાં નિર્દોષ વાહન ચાલકોએ પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે. દાહોદ શહેરમાં આવા ભરચક અને સતત અવર જવરવાળા જાહેર માર્ગો પર સવારે ૦૮ થી સાંજે ૦૭ સુધી મોટા અને ભારે વાહનો પર પ્રતિબંધ મુકવામાં આવે તેવી લાગણી અને માંગણી શહેરીજનોમાં ઉઠવા પામી છે જેથી આવા વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાઓનું નિરાકરણ કરી શકાય. ઓવરલોડ મોટા અને ભારે વાહનો જેવા કે, ટ્રક, ટેમ્પા અને માલસામાન ભરેલ વાહનોને અન્ય સ્થળોએ ડાયવર્ટ કરવામાં આવે તો હિતાવહ્ રહે તેમ છે.

# કારમી મોંઘવારીના કપરાં સમયમાં દાહોદ નગરપાલિકાના કર્મચારીઓ નો બબ્બે માસથી પગાર ન થતા તેઓની હાલત કફોડી : નાણાં માટે વ્યાજ ખોરોની ચોકટ પર જવા મજબૂર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
કારમી મોંઘવારીમાં પગારદાર માણસનો પગાર નિયમિત આવતો હોવા છતાં તે પગારમાં બે છેડા પણ મેળવવા તેને કઠિન થઈ પડે છે. તેવા મોંઘવારીના કપરાં કાળમાં દાહોદ નગરપાલિકાના કર્મચારીઓને છેલ્લા બે માસથી પાલિકા દ્વારા પગાર કરવામાં નહીં આવતા પાલિકાના કર્મચારીઓની હાલત અત્યંત કફોડી બનતા પોતાના તથા પરિવારજનોના પેટનો ખાડો પુરવા તેમજ અન્ય ઘર ખર્ચ માટે વ્યાજખોરો સામે હાથ લંબાવવા મજબૂર થવાનો વારો આવ્યો છે. તેવું પગારના મુદ્દે કર્મચારીઓમાં થતી ચણભણાટ માં સાંભળવા મળી રહ્યું છે. તમામ ક્ષેત્રે વિકાસની મોટી મોટી વાતો કરતી ગુજરાત સરકારના તાબા હેઠળની દાહોદ નગરપાલિકામાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા કર્મચારીઓના પગાર કરવા માટે નગરપાલિકાના સત્તાધિશો પાસે નાણાકીય સગવડ ન હોવાને કારણે યા બીજા કોઈ કારણોસર દાહોદ નગરપાલિકાના કર્મચારીઓનો છેલ્લા બે માસનો પગાર કરવામાં આવ્યો નથી. ગત ફેબ્રુઆરી તથા માર્ચ એમ બે માસનો પગાર હજી બાકી છે. અને એપ્રિલની ૧૦ તારીખ પણ થઈ ગઈ છે. તેમ છતાં હાલ પગાર થાય તેવા કોઈ સંકેતો સાંપડતા નથી. તેવું ચર્ચાઈ રહ્યું છે. આમ બબ્બે મહિનાથી પગાર માટે ટળવળતા દાહોદ નગરપાલિકાના કર્મચારીઓની તથા તેમના પરિવારજનોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. હાલ કારમી મોંઘવારીના કપરાં સમયમાં કોઈ વેપારી ઉધાર આપે તો એકાદ માસ આપે. ત્યાર પછી તો તે પણ ના પાડી દે. એવી સ્થિતિ ઊભી થવાને કારણે નાણાકીય ભીસ અનુભવી રહેલા દાહોદ નગરપાલિકાના કર્મચારીઓની સ્થિતિ જાય તો જાય કહા જેવી થવા પામી છે. એક તરફ રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા વ્યાજખોરોના વિષચક્રમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા વિવિધ રીતે નાણાકીય સહાય પૂરી પાડી તનતોડ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તેવા સમયે બબ્બે મહિનાનો કર્મચારીઓનો પગાર ન કરી દાહોદ નગરપાલિકાતંત્ર કર્મચારીઓને પોતાના પરિવારના ગુજરાન માટેના નાણા માટે વ્યાજખોરોની ચોખટ પર જવા મજબૂર કરતું હોય એવી સ્થિતિ હાલના તબક્કે ઉભી થવા પામી છે. ત્યારે દાહોદ નગરપાલિકાના કર્મચારીઓના બાકી રહેલા પગારના તમામ નાણા જેમ બને તેમ જલ્દી ચૂકવવામાં આવે તેવી દાહોદ નગરપાલિકાના કર્મચારીઓની લાગણી અને માંગણી છે. ત્યારે પાલિકાના અધિકારીઓ આ મામલે શું વ્યવસ્થા કરશે તે હવે જોવું રહ્યું!!!

# દે.બારીયા શહેરમાં ડોર ટુ ડોર કચરાનું કલેકશનનો કોન્ટ્રાકટ પુરો થતાં ખાલી ગાડી કર્મીઓ વગર મોકલાઈ રહી છે ...???



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
સ્વચ્છ ભારત મિશનના અંતર્ગત દે.બારીયા નગર પાલિકાનું વાન દેખ તું.. યહા.. વહા..ના ફેક ગાડી ....વાલા.... આયા.... ઘર.....સે... કચરાં.... નિકાલ ગાડીવાલા..... આયા.. ઘર સે.... કચરાં નિકાલ ક્યા.... કરે ભરયા.... આ સોંગ સાથે ડોર ટુ ડોર કચરા કલેકશન માટે આવતા નગર પાલિકાનું નાનું વાહન ઉપરોકત સાઉન્ડનું રેકોર્ડીંગ વગાડતા દરેક વિસ્તારોમાં વાજતે ગાજતે કચરાનું કલેકશન કરવામાં આવતું હતું. હાલમાં દે.બારીયા નગર પાલિકા સુપર સીટમાં છેલ્લા એક માંથી ફેરવાતા શહેરની સાફસફાઈ અભરાઈએ મુકી દેવામાં આવી છે. દરેકે દરેક જાહેર ઉકરડા ઉપર કચરાંના ઢગના ઢગ દેખાઈ રહ્યા છે. તેમજ ગટરોની સાફ સફાઈ પણ અઠવાડીયે કરાતી હતી. તે પણ સફાઈ કર્મીઓ છુટા કરી દીધાના બહાના બતાવાઈ રહ્યા છે. સુપર સીટ થાય તો ગ્રાન્ટ ઓછી આવે છે કે કેમ તે સમજાતું નથી. દરેક ક્ષેત્રે કાર્યમાં કાપ મુકવામાં આવી રહ્યા છે કે પછી ડીઝલના અને રોજમદાર કર્મીઓને બીલોમાં બતાવી દેવાય રહ્યા છે. તે આમ આ જનતામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

આ બાબતે કચરા કલેકશનના વાહનના ડ્રાઈવરને પૂછતા જણાવ્યું હતું કે, માર્થ થી કોન્ટ્રાકટ પુરો થતાં સખી મંડળની કર્મીઓને બંધ કરાતા ખાલી કચરા કલેકશન કરતી કર્મીઓ વગર વાહન ફેરવવાનો શું ? મતલબ છે. નગર પાલિકાના ડમ્પીંગ શાખાના કર્મીઓ ડીઝલ શામાટે વાપરે છે. બીલો બનાવવા ખાતર કર્મીઓના વગર વાહનો ફેરવીને લાખ્ખોનું ઈંધણના બીલો બનાવાના હશે ? તે તપાસનો વિષય છે.

સુધો અને ભીનો કચરો કલેકશન માટે પાલિકા એ બે અલગ અલગ ડસ્ટબીન આજથી ચાર–પાંચ વર્ષ અગાઉ આપ્યા હતા. ત્યારબાદ ડસ્ટબીન આપ્યા નથી. સ્વચ્છ ભારત મિશનની કરોડોની ગ્રાન્ટ ફળવાઈ છે. તેમ છતાં કર્મીઓને છુટા કરી દેવામાં કેમ આવતા છે. આ સમયે તેઓને કેમ ચાલુ રાખવામાં આવતા નથી. આમ જનતા તો કચરો આપવા નિકળે છે. કલેકશન કરતી સખી મંડળની કર્મીઓ નદાર રહેતા જેટલો કચરો કલેકશન થવો જોઈએ. તેમાં ૧૦ ટકા કચરો સુકો અથવા ભીનો કચરો હાલમાં કલેકશન થતો નથી. જેથી લાગતા વળગતા હાલના વહિવટી અધિકારીઓ કચરો ડોર ટુ ડોર કલેકશન માટે વધારાના કર્મીઓના મુકતા ના શહી જે તે સખી મંડળની કર્મીઓને નગર પાલિકાના રોજમદાર તરીકે સખીનો આ આપણા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભારત સ્વચ્છ મિશનનો સાકાર કરી બતાવવો જોઈએ.

# કલેક્ટરના અધ્યક્ષ સ્થાને શેરીમાં રહેતા બાળકોને સરકારી યોજનાઓના લાભો પહોંચતા કરવા બેઠક યોજાઇ



દાહોદ,
જિલ્લામાં શેરીમાં રહેતા બાળકોને સરકારની વિવિધ યોજનાઓના લાભ મળી રહે તે અંગે આજ રોજ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાના શેરીમાં રહેતા બાળકોને ઓળખ કરવા અને તેઓને સરકારની વિવિધ યોજનાઓ સાથે જોડવા અને બાળકોના કુટુંબીજનોને પણ વિવિધ યોજનાઓનું લાભ મળી રહે તેવી સૂચના ઉપસ્થિત અધિકારીઓને કલેક્ટરએ આપી હતી.

બેઠકમાં પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, જિલ્લા પુરવઠા અધિકારી વસાવા, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક રાઠોડ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શાંતિલાલ તાવિયાડ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ઝાલોદ-સંતરામપુર હાઈવે પર પોલીસ દ્વારા એન્ટ્રીના નામે પૈસા ઉઘરાવાતા હોવાનો વિડીયો વાયરલ



દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ–સંતરામપુર હાઈવે રોડ પર પોલીસ દ્વારા રાત્રીના સમયે પસાર થતાં વાહન ચાલકો પાસેથી પૈસા ઉઘરાવતો હોવાનો વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થતાં પોલીસ બેડા સહિત જિલ્લાભરમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. સંભવિત આ વિડીયો ઝાલોદ–સંતરામપુર હાઈવે હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે આ મામલે ઉચ્ચ સ્તરીય રજુઆતો થઈ હોવાનું પણ કહેવાઈ રહ્યું છે અને પોલીસ દ્વારા તપાસ પણ કરવામાં આવી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ઝાલોદ–સંતરામપુર હાઈવે પર રાત્રીના સમયે અનેક વાહનોની અવર જવર થતી હોય છે. સંભવિત આ હાઈવે પર થોડા દિવસો પુર્વે હાઈવે પર ફરજ બજાવતાં બે જેટલા પોલીસ કર્મચારીઓ દ્વારા અહીંથી પસાર થતાં વાહન ચાલકો અને ખાસ કરીને ભારે વાહન ચાલકો જેવા કે ટ્રકના ચાલકો જેઓ માલ સામાન ભરી પસાર થતાં હોય છે. તેઓને પાસે એન્ટ્રી ફી ના નામે ઉઘરાણા કરતાં હોવાનો વિડીયો કોઈ વાહન ચાલક દ્વારા આ સમગ્ર પોલીસ દ્વારા ઉઘરાણાની વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો. પોલીસ કર્મચારીઓ દ્વારા વાહન ચાલક પાસે એન્ટ્રી ફી નામે પૈસાની ઉઘરાણી કરવામાં આવતી હોવાનું વિડીયોમાં જોવા મળ્યું હતું. આ વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થતાંની સાથે દાહોદ જિલ્લા પોલીસ બેડામાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી હતી. જાણવા મળ્યાં અનુસાર, આ મામલે મુખ્યમંત્રી, ગૃહ મંત્રી તેમજ દાહોદ જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરાઈ છે. આ મામલે સંલગ્ન વિભાગ દ્વારા તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવે તો સઘળી હકીકત બહાર આવે તેમ છે.

# દાહોદ શહેરમાં મચ્છરજન્ય જીવાતોને ડામવા ફોગીંગની કામગીરી હાથ ધરાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરમાં છેલ્લા કેટલાંક સમયથી મચ્છર, મસી, જેવા હવામાં ઉડતી જીવાતો પગલે અવર જવર કરતાં રાહદારીઓ તેમજ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સફાળે ઘોર નિંદ્રામાંથી જાગેલી નગરપાલિકાએ તેના આરોગ્ય વિભાગ દ્વારા દાહોદ શહેરના કેટલાંક વિસ્તારોમાં ફોગીંગ કામગીરી હાથ ધરવામાં આવી છે.

દાહોદ શહેરમાં જાહેર માર્ગો પરથી પસાર થઈએ ત્યારે હાલ મસી જેવા જીવજંતુઓ આંખમાં વાગતાં રહે છે. હવામાં મસી જીવજંતુએ માઝા મુકતાં લોકો પરેશાન થઈ ગયાં છે. કોઈ સ્થળે ઉભા રહીએ તો સ્થળ પર મચ્છર અને મસી જેવા જીવાતો આજુબાજુ મંડારાયેલા રહે છે. શહેરમાં કેટલાંક સ્થળોએ ગંદકીના કારણે મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે. ત્યારે દાહોદ નગરપાલિકાની આરોગ્યની ટીમ સફાળે જાગી ગઈ છે અને દાહોદ શહેરના ઠક્કર ફળિયા વિગેરે જેવા વિસ્તારોમાં મચ્છર અને મસી જેવા જીવજંતુઓને ડામવા માટે ફોગીંગની કામગીરીનો આરંભ કરી દીધો છે. શહેરમાં હાલ જ્યાં જુઓ ત્યાં હવામાં મસી જીવજંતુનો ઉપદ્રવ વધ્યો છે. જેના કારણે રાહદારીઓ અને વાહન ચાલકોમાં અવર જવર સમયે આંખમાં આવા જીવજંતુઓ પડી જતાં તેઓને ખુબજ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે.

# દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત અંડર ગ્રાઉન્ડની કામગીરીમાં અડચણરૂપ દબાણો દુર થાય તો સાચા અર્થમાં સ્માર્ટ સીટી બનશે



દાહોદ,
દાહોદ શહેર મા છેલા કેટલાય દિવસો થી સ્માર્ટ સીટી અંતરગત ચાલતી કામગીરી મા અંડર ગ્રાઉન્ડ ચાલતી કામગીરી પૂર્ણ થઈ જવા આવી છે અને આગળ ની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ શહેર મા રોડ ઉપર કરવામ આવેલ દબાણો ની ભરમાંલ હોઈ સ્માર્ટ રોડ બનાવવા ના હોય રોડ ઉપર કરવામા આવેલ દબાણ તોડવા પડે અને રોડ પહોલા કરવા માટે રસ્તા પરથી દબાણ હટાવવું પડે જેને લઈ માપણી થઈ ગઈ છે અને દબાણ તોડવું પડશે તોજ દાહોદ શહેરમાં સ્માર્ટ રોડ બનશે અમુક વેપારીએ આમા સહકાર આપવો જોઈયે અને આપણા શહેરને વિકાસના માર્ગે લઈ જવું જોઈએ અને આપણા નરેન્દ્ર મોદીનું સપનું પૂરૂં કરવું જોઈએ.

દાહોદ શહેરના ઓવર બ્રીજ નજીક ગોદી રોડ જતા રસ્તા પર આવેલ ફુડ કોર્ટના માલિકો દ્વારા પોતાની દુકાનોની આગળ પાર્કિંગવાળા જગ્યાએ ગેરકાયદે ઓટ્લાઓ તેમજ પ્લાસ્ટર કરી દેતાં જેને પગલે આ વિસ્તારમાં ટ્રાફિક સહિતની અનેક સમસ્યાઓ ઉદ્દભવવા પામી હતી. આ મામલે જાગૃત નાગરિકો દ્વારા દાહોદ પ્રાંત અધિકારી સહિત સંલગ્ન તંત્રને લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી હતી. જેને પગલે આજરોજ દાહોદ પ્રાંત અધિકારીની ટીમે પોલીસને સાથે સાથે ગોદી રોડ ઓવરબ્રીજની સાઈડમાં આવેલ ફુડ કોર્ટની દુકાનો તરફ જેસીબી મશીન સાથે ધામા નાંખ્યા હતા અને ફુડ કોર્ટ આગળ પાર્કિંગવાળી જગ્યાએ ગેરકાયદે કરી નાંખવામાં આવેલ ઓટલાઓને જેસીબી મશીનની મદદથી આવા ગેરકાયદે દબાણોને તોડી પાડવામાં આવ્યાં હતાં સાથેજ દુકાનોની આગળ કરવામાં આવેલ ગેરકાયદે ઝુકાટોને પણ દુક કરવામાં આવ્યાં હતાં. જાણવા મળ્યાં અનુસાર, આ અગાઉ તંત્ર દ્વારા આ ફુડ કોર્ટના માલિકોને ગેરકાયદે દબાણોને તોડી પાડવા માટે વખતો વખત નોટીસો પણ આપવામાં આવી હતી પરંતુ દુકાનદારો દ્વારા નોટીસની અવગણાતા કરતાં વહીવટી તંત્ર દ્વારા આ પગલાં લેવામાં આવ્યાં હતાં. આ વિસ્તારમાં તંત્ર દ્વારા ગેરકાયદે દબાણો દુર કરવામાં આવતાં શહેરના અન્ય વિસ્તારના વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો અને અન્ય વેપારીઓ દ્વારા પોતાની જાતે પોતાની દુકાનની આગળ કરી નાંખવામાં આવે ગેરકાયદે દબાણો દુર કરવાની પેરવીઓમાં લાગી ગયાં હતાં.

# દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટોની સમીક્ષા બેઠક યોજાઇ



દાહોદ,
દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટોની સમીક્ષા બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની ઉપસ્થિતિમાં જિલ્લા સેવા સદન ખાતે યોજાઇ હતી. જેમાં સાંસદ જસવંતસિંહ ભાભોર સહિતના જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા અને સ્માર્ટ સીટી અંતર્ગતના પ્રોજેકટોની કામગીરીની સમીક્ષા કરી હતી. બેઠકમાં કલેક્ટર ડો. ગોસાવીએ જણાવ્યું કે, સ્માર્ટ સીટી અંતર્ગતના ૨૭ પ્રોજેક્ટોમાંથી ૧૨ પૂર્ણ થયા છે. જયારે ૧૩ પ્રોજેક્ટો અંતર્ગત સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જયારે ૨ પ્રોજેક્ટ ટેન્ડરીંગની પ્રક્રિયા હેઠળ છે. સ્માર્ટ સીટીના વિવિધ પ્રોજેક્ટો માટે પચાસ પચાસ ટકા ગ્રાન્ટ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. જેમાં ૪૫૯.૪૯ કરોડ રૂ. ના ૧૨ પ્રોજેક્ટ પૂર્ણ કરાયા છે. જયારે ૧૩ પ્રોજેક્ટ જે રૂ. ૪૦૯.૬૭ કરોડના છે તેમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. જયારે રૂ.૧૪.૭૪ કરોડના બે પ્રોજેક્ટ ટેન્ડરની પ્રક્રિયામાં છે.

સ્માર્ટ સીટીના જે ૧૨ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે તેમાં આઇસીસીસી આઇટી બલ્ડીંગ, સ્ટોર્મ વોટર, સીવરેજ, વોટર સપ્લાય, ડસ્ટબીન પ્રોક્યુરમેન્ટ, ટ્રાફિક સિગ્નલ, મ્યુનસીપાલિટી સોલીડ વેસ્ટ કલેક્શન, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, કંમ્પાઉન્ડ વોલ સહિતના પ્રોજેક્ટ છે. જયારે ૧૩ પ્રોજેક્ટ જેમની કામગીરી હાલમાં ચાલુ છે, તેમાં છાબ તળાવ, વોટર સ્કાડા, ડીએનપી બિલ્ડીંગ, ટ્રાઇબલ મ્યુઝિયમ, સ્પોર્ટ કોમ્પલેક્સ, લાઇબ્રેરી બિલ્ડીંગ, પ્રાયમરી સ્કુલ ડેવલપમેન્ટ, ટ્રક ટર્મીનલ, દૂધમતી રીવરફ્રન્ટ, વોટર સપ્લાયઇએસઆર, રોડ અપગ્રેડેશન સહિતના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તેમજ ટેન્ડરીંગ પ્રક્રિયા હેઠળ સ્મશાન રીડેવલપમેન્ટ, સીવરેજ હાઉસ કનેક્શન પ્રોજેક્ટ છે. બેઠકમાં ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલા, ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલા, નગર પાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# લીમખેડાના ચૈડીયા ગામના યુવાને તેના ગામની સગીરાનું પત્ની તરીકે રાખવા અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડાના ચૈડીયા ગામના નિશાળ ફળિયાના યુવાને તેનાજ ગામના નીચવાસ ફળિયાની વહેલી સવારે લઘુશંકા માટે ઘરમાંથી બહાર નીકળેલ ૧૬ વર્ષીય સગીરાને પત્ની તરીકે રાખવા બળજબરીપૂર્વક પકડી અપહરણ કરી મોરબી ખાતે લઈ જઈ સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યાના મતલબની પોલીસ ફરિયાદ નોંધાયાનું જાણવા મળ્યું છે. લીમખેડાના ચૈડીયા ગામના નિશાળ ફળિયામાં રહેતા કલ્પેશભાઈ પંકેશભાઈ પલાસે ગત તા. ૨૪–૩–૨૦૨૩ના રોજ વહેલી સવારમાં આશરે ચારેક વાગ્યાના સુમારે તેના ગામના નીચવાસ ફળિયાની લઘુશંકા માટે પોતાના ઘરની બહાર નીકળી રોડ પર ગયેલ ૧૬ વર્ષીય સગીરાની પાસે આવી તેને જબરજસ્તીથી પકડી લઈ જાનથી મારી નાંખવાની ધાક્ધમકી આપી બળજબરીથી પ્રેમના પાઠ ભણાવી, લલચાવી, પટાવી, પત્ની તરીકે રાખવા માટે અપહરણ કરી મોબરી ગામે લઈ ગયો હતો અને ત્યાં લઈ જઈ સગીરાની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ સંબંધે અપહત સગીરાના પિતાએ ઉપરોક્ત કેફીયત ભરી ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે આ સંદર્ભે ચૈડીયા ગામના નિશાળ ફળિયાના અપહરણકર્તા કલ્પેશભાઈ પંકેશભાઈ પલાસ વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)એન, ૫૦૬(૨) તથા પોક્સો એક્ટ કલમ ૪,૬,૮ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં બસ સ્ટેશન નજીક યુવાન ઓટો રીક્ષા ચાલકને ચાલુ ગાડીએ હાર્ટ અટેક આવતા મોતને ભેટ્યો

દાહોદ,
દાહોદ શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં ૨૦ થી ૨૫ વર્ષના યુવાન ઓટો રીક્ષા ચાલકને ચાલુ રિક્ષાએ હાર્ટ અટેક આવતા તે રીક્ષામાં ઢળી પડયો હતો. જોકે, ભેગા થયેલા સ્થાનિકોએ ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ ને બોલાવી દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબીએ આ યુવાનને મૃત જાહેર કર્યો હતો. ઉપરોક્ત બનાવવામાં મરણ જનાર ઓટો રીક્ષા ચાલક દાહોદના મેમુનનગર ખાતે રહેતો હતો અને તેનું નામ જાકીર શેખ હોવાનું સામે આવ્યું છે. ત્યારે ઝાયડસના તબીબોએ આ મરણજનાર ઓટો રીક્ષા ચાલક જાકીર શેખના મૃતદેહને મડદા ઘરમાં ખસેડી દીધો હતો. જોકે બનાવની જાણ મરણ જનાર ઝાકીરના પરિવારજનોને થતા પરિવારજનો પણ દવાખાને દોડી આવ્યા હતા અને રોકકળ મચાવતા વાતાવરણમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.196

## મોરવા(હ) થી સંતરોડને જોડતો રસ્તો બિસ્માર : વાહન ચાલકો થયા પરેશાન



શહેરા,

મોરવા હડફ થી સંતરોડ ગામ તરફ જતો ડામર રસ્તો એક વર્ષ ઉપરાંતથી અનેક જગ્યાએ તૂટી ગયો હોવા છતાં તંત્ર દ્વારા મરામત કરવામાં આવી રહી નથી. અમુક જગ્યાએ રસ્તો લીસો બની જવા સાથે તૂટી ગયો હોવાથી વાહન ચાલકો હેરાન પરેશાન થતા હોય છે.

મોરવા હડફ થી સંતરોડ ગામ તરફ જતો ડામર રસ્તો પાછલા કેટલાક મહિનાઓ થી બિસ્માર હાલતમાં હોવાથી અહીથી પસાર થતા વાહન ચાલકોને અકસ્માત નો ભય સતાવી રહયો છે.આ ડામર રસ્તા ઉપર વાહનચાલકોની અવર જવર સતત રહેતી હોવા છતા જવાબદારતંત્ર દ્વારા ઉબડખાબડ રસ્તાની મરામત પણ કરવામાં આવી ના હતી. કેટલીક જગ્યાએ રસ્તો લીસો બની જવા સાથે તુટેલો હોવાથી નાના વાહન ચાલકોને ભારે મુશ્કેલી અહીથી પસાર થતી વેળા થતી હોવાથી તંત્ર સામે આક્રોશ પણ જોવા મળતો હોય છે. આ તૂટી ગયેલ રસ્તો મોરવા હડફ થી સંતરોડનો ૪૦ ઉપરાંત ગામોને જોડતો હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા આ રસ્તાની મરામત પણ કરવામાં આવી રહી નથી. મહીસાગર તેમજ દાહોદ તરફ ગામોને જોડતો આ રસ્તો હોવાથી સતત નાના મોટા વાહનોની અવર–જવર દીવસ અને રાત્રી દરમિયાન રહેતી હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા વહેલી તકે આ રસ્તો નવીન બનાવવામાં આવે તેવી આશા વાહન ચાલકો રાખી રહ્યા છે. તંત્ર દ્વારા કયા કારણોસર એક વર્ષ ઉપરાંત થી આ માર્ગ નવો બનાવવામાં નથી આવ્યો પણ તેની મરામત પણ નહિ કરવામાં આવતા અહીંથી પસાર થતા વાહન ચાલકોનો આક્રોશ સંબંધિત તંત્ર સામે આ બાબતે જોવા મળતો હોય છે.

## શહેરા તાલુકાના ઉજડા ગામે જમીન બાબતે જાતિ અપમાનિત કરી જીવલેણ હુમલો કરનાર આરોપીની ધરપકડ કરવામાં આવે તેવી માંગ




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ઉજડા ગામે બે માથાભારે શખ્સોએ જમીન બાબતની અંગત અદાવત રાખીને પોતાના પડોશમાં રહેતા પડોશીના ઘરે અવાર નવાર કચરો નાખી અને જાતિ વિષયક અપશબ્દો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી અને પડોશી ઉપર ધારિયા જેવા મારક હથિયાર દ્વારા જીવલેણ હુમલો કરી હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે બાબતે શહેરા પોલીસ મથકે આ બંને માથાભારે શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે બનાવના આજે પંદર દિવસ જેટલો સમય વીતવા છતાં પણ શહેરા પોલીસ દ્વારા આ માથાભારે બંને શખ્સો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં ન આવતા આજરોજ પંચમહાલ જિલ્લા અનુસૂચિત જાતિ સમાજ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી અને આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરીને કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી.આ બનાવ સંદર્ભે ગોધરાના મીનાક્ષી ગ્રીન્સ જીઆઈડીસી ખાતે અને મૂળ ઉજડા ગામે રહેતા નેહા પરમાર આજથી ૧૫ દિવસ પહેલા તેમના પતિ બીપીન પરમાર પોતાના ઘરે ઉજડા ગામે હતા. ત્યારે તેમના બાજુમાં રહેતા લાલા ભોઈ અને શના ભોઈએ તેમના ઘરની બાજુમાં કચરો કેમ નાખો છો તે સંદર્ભે તેમના પતિ બીપીન એ પૂછ્યું હતું. ત્યારે આ માથાભારે બંને શખ્સો એ બીપીન ઉપર ધારીયા જેવા મારક હથિયારથી હુમલો કરતા હાથના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા.

જ્યાં તેમને વધુ સારવારની જરૂર પડતા વડોદરા ખાતે ખસેડવામાં આવ્યા હતા અને જ્યાં હાથના ભાગે ઈજાઓ અતિ ગંભીર હોવાના કારણે તેમનું તાત્કાલિક ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારે આજે આ બનાવને ૧૫ દિવસ જેટલો સમય વીતવા છતાં આરોપીઓ ખુલ્લેઆમ બહાર ફરી રહ્યા છે અને આજદિન સુધી શહેરા પોલીસ દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી આજરોજ પંચમહાલ જિલ્લા અનુસૂચિત જાતિ સમાજ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને આરોપીઓને તાત્કાલિક પકડીને કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી.

## મોરવા(હ) ખાતે કરીયાણાની દુકાન ઉપર જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે તપાસ કરી સેમ્પલ લીધા




શહેરા,

મોરવા હડફ ખાતે અમુક કરીયાણાની દુકાનમાં જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ એ તપાસ હાથધરીને સેમ્પલ લીધા હતા. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા અહી અસરકારક કાર્યવાહી કરવામાં નહીં આવી રહી હોવાની લોક ચર્ચા થઈ રહી છે.

મોરવા હડફ તાલુકામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી નથી જ્યારે જિલ્લાની ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ કચેરી ના ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા તાલુકા પંચાયત કચેરી તરફ જતા માર્ગ ઉપર આવેલી કરીયાણાની દુકાનમાં કાર્યવાહી હાથધરીને સેમ્પલ લેવામાં આવ્યા હતા. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ કચેરી દ્વારા ફરસાણ, કરીયાણા સહિતની અન્ય દુકાનોમાં અસરકારક કાર્યવાહી કરવામાં નહિ આવતા નિયમોનું જે પાલન થવું જોઈએ તે થઈ રહયુ નથી. જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ફરસાણ, કરીયાણા સહિતની દુકાનોમાં ઓચિંતી તપાસ હાથ ધરીને કડક કાર્યવાહી ક્યારે કરવામાં આવશે તેતો જોવુજ બન્યુ છે.

## ગોધરા રવિ કોર્પોરેશન પાસે ઉકરડામાં અજગર દેખાતા આસપાસ રહેતા રહિશોમાં ભયનો માહોલ



ગોધરા,

ગોધરા શહેરના કલાલ દરવાજા પાસે આવેલા રવી કોર્પોરેશન પાસે એક ઉકરડામાં અજગર દેખાઈ દેતા આજૂબાજૂમાં રહેતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જેથી ગોધરા નગરપાલિકાના સ્થાનિક સભ્ય દીપેશ ઠાકોરે આ ઘટનાની જાણ થતા તેમણે તાત્કાલિક ગોધરા શહેરમાં પશુ અને સરીસૃપ માટે જીવદયાનું કામ કરતા હરિવદન રાઠોડને આ ઘટનાની જાણ કરી હતી. જેથી તેઓ તરત જ ઘટનાસ્થળે પહોંચી અને અજગરનું રેસ્ક્યુ કરી સહીસલામત રીતે સામલીના જંગલમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

ગોધરા શહેરના કલાલ દરવાજા પાસે આવેલા રવિ કોર્પોરેશન પાસે એક ઉકરડામાં પાંચ ફૂટનો અજગર હોવાથી તેને બહાર લાવવો સહેલો નહોતો. જેથી ગોધરાના હરીવદન રાઠોડે ભારે જહેમત બાદ અજગરને પકડી લીધો હતો. અજગરની વાત ગોધરા શહેરમાં થતા લોકટોળા મોટી સંખ્યામાં ઘટનાસ્થળ પર દોડી આવ્યા હતા. ત્યારે સ્નેકકેચર દ્વારા ભારે જહેમત બાદ અજગરનું રેસ્ક્યુ કર્યા બાદ પકડવામાં આવ્યો હતો અને ત્યારબાદ સામલીના જગલમાં સુરક્ષિત જગ્યાએ છોડવામાં આવ્યો હતો. જો કે આજે બપોરે બનેલી આ ઘટનાથી શહેરીજનોમાં ભારે ફફડાટ અને ભય પણ ફેલાયો હતો.


## ઘોઘંબાના ઘોઘા ગામે તુફાન ગાડીએ બાઈકને અડફેટમાં લઈ પાછળ બેઠેલ ૨૧ વર્ષીય યુવકનું મોત નિપજાવ્યું

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ઘોઘા ગામે રોડ ઉપરથી પસાર થતી તુફાન ગાડીના ચાલકે પુરઝડપે હંકારી લાવી બાઈકને પાછળ થી ટકકર મારી ચાલકને ઈજાઓ પહોંચાડી તેમજ પાછળ બેઠેલ ૨૧ વર્ષીય યુવાનને ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી વાહન મુકી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ દામાવાવ પોલીસ મથકે નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના સાગરાળા થી ગુંદી ગામ જતા ઘોઘા ગામે રોડ ઉપર થી પસાર થતી તુફાન ગાડી નં.જીજે.૧૨.ડીએ. ૧૬૨૪ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ગફલત ભરી રીતે હંકારી લાવી અજયભાઈ બારીયાની બાઈક નં.જીજે.૨૦. એઆર.૨૩૮૮ ને પાછળ થી ટકકર મારી ચાલકને શરીરે ઈજાઓ પહોંચાડી તેમજ પાછળ બેઠેલ લલીતભાઈ ઉદેસિંહ પટેલ ઉ.વ.૨૧ (રહે. સાગરાળા)ને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી તુફાન ગાડી સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ દામાવાવ પોલીસ મથકે નોંધાવા પામી છે.

## વડોદરા SOG માં મળી આવેલ મૃત નવજાત બાળકને વિંટેલ કપડું રોગ કલ્યાણ સમિતિ ગોધરા હોવાથી રાવપુરા પોલીસ તપાસ માટે સિવિલમાં પહોંચી



ગોધરા,

વડોદરા સયાજી હોસ્પિટલ માંથી મૃત નવજાત મળી આવેલ મૃત નવજાતને ગોધરા રોગી કલ્યાણ સમિતિ લખેલ કાપડમાં વિંટેલું મળી આવતાં રાવપુરા પોલીસ ગોધરા સિવિલમાં આવી મૃત નવજાત બાળકની માતા–પિતાને શોધવા તપાસ આદરી છે.વિસ્તૃત વિગતો મુજબ વડોદરા સયાજી હોસ્પિટલ માંથી મૃત નવજાત બાળક મળી આવ્યું હતું. મૃત નવજાત બાળકને ‘‘ગોધરા રોગી કલ્યાણ સમિતિ’’ લખેલા કપડાંમાં વિંટેલું મળી આવ્યું હતું. જેથી રાવપુરા પોલીસ મૃત નવજાત બાળકના માતા–પિતાની શોધ કરવા માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં આવી તપાસ હાથ ધરી છે. સિવિલ હોસ્પિટલ માંથી છેલ્લા સપ્તાહમાં જન્મેલા અને વડોદરા રિફર કરવામાં આવેલ બાળકો અને માતા–પિતાની વિગતો તપાસવાની શરૂ કરાઈ છે.

## ગોધરા સાતપુલ સી સોસાયટી સામે રહેણાંક મકાનમાંથી ૩૬ કિલો માંસનો જથ્થો ઝડપી પાડવમાં આવ્યા

ગોધરા,

ગોધરા સાતપુલ સી સોસાયટી અકસા મસ્જીદ પાસે રહેણાં મકાનના માંસનો વેચાણ માટે રાખેલ ૩૬ કિલો માંસ મોબાઈલ ફોન મળી કિંમત ૧૮,૪૨૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લીધો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સાતપુલ સી સોસાયટી અકસા મસ્જીદની પાસે રહેણાંક મકાનમાં ખેરુનીશા ઐયુબ નુર મોહમંદ પટેલ એ માંસનો જથ્થો વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૩૬ કિલો માંસનો જથ્થો કિંમત ૭,૨૦૦/–રૂપીયા મોબાઈલ ફોન નંગ–૪ મળી કુલ ૧૮,૪૨૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે ગોધરાની બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

## વેજલપુર ગ્રામ પંચાયત ભ્રષ્ટાચાર ના ભરડામાં અનેક વખત ભ્રષ્ટાચાર આચર્યું હોવા છતા કોઈ તપાસ નહિ

- વેજલપુર ગ્રામ પંચાયતનું રિમોન્ટ કંટ્રોલનું બટન કયા રાજકીય નેતા ના હાથ માં અને કોના કેહવાથી થાય છે કામ અને કાજ.
- વેજલપુર ગ્રામ પંચાયત ઉપર કયા કયા અધિકારીનો આશીર્વાદ અને કોના કેહવાથી થાય છે એંડવાન્સ કામ અને ભ્રષ્ટાચાર.
- વેજલપુર ગ્રામ પંચાયતમાં અનેક વખત ભ્રષ્ટાચાર અને કયા રાજકીય નેતાના આશીર્વાદ.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

પંચમહાલ જીલ્લા માં આવેલ કાલોલ તાલુકાની સ્વંથી વધુ વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત એટલે વેજલપુર ગ્રામ પંચાયત અનેક વખત ભ્રષ્ટાચાર આચર્યું હોવાથી અનેક વખતે વખત વિવાદોમાં રેહતી ગ્રામ પંચાયત છે અને જાણે વેજલપુર ગ્રામ પંચાયતને ભ્રષ્ટાચાર આચરવાની પ્રથા પડી ગઈ હોય તેવું લાગી રહયુ અને આવી ભ્રષ્ટાચારી પંચાયત સામે ઉપલી કચેરીના અધિકારી લાચાર બની ખુલ્લો આશીર્વાદ આપી રહયા હોય તેવું લાગી રહયુ છે. જેના કારણે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. જેના કારણે ભ્રષ્ટાચાર કરવામાં કોઈ કસર મુકવામાં આવતી નથી. ત્યારે વાત કરીએ તો વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તાર માં આવેલ ખરસાલીયા ગામ તરફ રોડ ઉપર પેટ્રોલ પમ્પ ની સામે આવેલ શિક્ષક સોસાયટીમાં ગટર લાઈન કરવામાં આવી છે તે પણ કોઈ પણ મંજૂરી કોઈ પણ એસટીમેન્ટ વગર કરવામાં આવી છે. તેમાં પણ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચર્યું હોય તેવી બુમો ઉઠવા પ્રામી છે. પ્રાપ્ત માહિતી મુજબ ખરસાલીયા ગામ રોડ ઉપર આવેલ પેટ્રોલ પંપ સામે શિક્ષક સોસાયટીમાં હાલ નવીન ગટર લાઇનનું કામ વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં કોઈ પણ જાતની મંજૂરી કે વર્ક ઓડર વગર એંડવાન્સ કરવામાં આવી છે. જેમાં હલ્કી ગુણવત્તા અને નાની પીવીસી પાઈપો નાખવામાં આવી છે. જેથી લોક મુખે એવી ચર્ચા કે એવોતો કેવો વેજલપુર ગ્રામ પંચાયતનો વહીવટ છે કે વેજલપુર ગ્રામ પંચાયત અનેક વખત ભ્રષ્ટાચાર આચરે છે અને ઉપલી અધિકારીઓ તેઓના બિલો કઈ રીતે મંજુર કરે છે. તેવા અનેક સવાલો સેવાઈ રહયા છે. આજ રીતે વેજલપુર ગામના વિવિધ વિસ્તારોમાં હલકી ગુણવત્તા અને નાની પાઈપો નાખીને અનેક વખત ભ્રષ્ટાચાર કરેલ હોવાછતાં કોઈ તપાસ નહિ અને ડાયરેક બિલો મંજુર કરવામાં આવ્યા છે, તો બીજી તરફ ઉપલી કચેરીના અધિકારીઓ ભ્રષ્ટાચાર સામે કોઈ કાર્યવાહી હાથ ધરે તો રાજકીય નેતા ભ્રષ્ટાચારી ઓના પડખે આવી રાજકીય પાવર બતાવી અધિકારીઓને બાણમાં લઈ ભ્રષ્ટાચાર ઉપર પરદો ઢાંકવામાં આવે છે. જેથી ભ્રષ્ટાચાર કરનાર વ્યક્તિઓને ખુલ્લો દોર મળી જાય છે. જેથી હવે જોવાનું એ રહયું કે ઉપલી કચેરીમાં અધિકારીઓ આવા ભ્રષ્ટાચારને ખુલ્લા મેદાનમાં પછાડ શે કે કેમ પછી ટેબલ નીચે વહીવટ કરી ખુલ્લો આશીર્વાદ આપશે તે આવનારો સમયજ બતાવશે.

## કાલોલની પંચમહાલ કેળવણી મંડળના ૧૦ ટ્રસ્ટીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઇ

કાલોલ,

કાલોલની પંચમહાલ પ્રાથમિક કેળવણી મંડળ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની માલિકીની પોપટપુરાની સર્વે નં–૬૦/૪૦ની ખેતીની જમીન તા.૨૧ જુન ૨૦૨૧ના રોજ રજીસ્ટર દસ્તાવેજથી ૯૯ વર્ષના ભાડાપટ્ટે ગોધરાના રીઝવાન ઈસ્માઈલ છુંગાને સંયુકત ચેરિટી કમિશનરની પુર્વ મંજુરી મેળવ્યા વગર અપાઈ હતી. જેને પરિણામે ટ્રસ્ટના જાગૃત હિતધારકોએ સંયુકત ચેરિટી કમિટી કચેરી ખાતે રજુઆત કરી હતી. બાદ ચેરિટી કમિ.કચેરી દ્વારા કેળવણી મંડળના ટ્રસ્ટઓને શો કોઝ નોટિસ ફટકારી હતી. નોટિસ મળ્યા બાદ આ ટ્રસ્ટીઓએ તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ટ્રસ્ટીઓ દ્વારા ચુક દુરસ્તીનો દસ્તાવેજ કરી સુધારો કરી ૯૯ વર્ષના બદલે ૧૦ વર્ષ માટે ભાડાપટ્ટે જમીન આપી હોવાનો જવાબ રજુ કર્યો હતો. કુલ મળીને વડોદરા સ્થિત સંયુકત ચેરિટી કમિ.કચેરીની પુર્વ મંજુર મેળવ્યા વગર જ ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ અને કાયદાના નિયમનો ભંગ કર્યો હતો. જે બાબતે ગોધરાની મદદનીશ ચેરિટી કમિશનર કચેરી દ્વારા વડોદરા કચેરી દ્વારા પ્રોસીકયુશનની મંજુરી માંગી હતી. જે મળતા જ ગોધરા ખાતે કાર્યાલય નિરીક્ષક એચ.એચ.મકવાણા દ્વારા એડિ.ચીફ.જયુડિ.મેજી.કાલોલ સમક્ષ ટ્રસ્ટના ૧૦ ટ્રસ્ટીઓ હસમુખભાઈ હિંમતલાલ શાહ, નટવરસિંહ ખુમાનસિંહ ચૌહાણ, ધર્મેશકુમાર જેઠાલાલ વરીયા, વિમલ કનૈયાલાલ ગાંધી, પૃથ્વીરાજ દિલીપસિંહ મહીડા, રઘુવીરસિંહ નટવરસિંહ ચૌહાણ, જયેશ શાંતિલાલ પટેલ, સતીશચંદ્ર નટવરલાલ પરીખ, અશ્વિનભાઈ ડી.ગાંધી તથા જયંત કુમાર રતીલાલ મહેતા વિરુદ્ધ ફોજદારી ફરિયાદ નોંધાવી હતી.

## હાલોલમાં ભુગર્ભ ગટર અને રસ્તાના કામોમાં ભ્રષ્ટાચાર અંગે આપ પાર્ટી દ્વારા પ્રાન્ત અધિકારીને આવેદન આપ્યું

હાલોલ,

હાલોલ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા હાલોલ પ્રાંત અધિકારીની કચેરી ખાતે પહોંચી ભારે સુત્રોચ્ચાર વચ્ચે હાલોલમાં ચાલતી ભુગર્ભ ગટર યોજનાની કામગીરી તેમજ રોડ રસ્તા બનાવવાની કામગીરીમાં ભ્રષ્ટાચારને પગલે ન્યાયિક વીજીલન્સ તપાસની માંગણી કરતુ આવેદનપત્ર પ્રાંત અધિકારી ડો.મયુર પરમારતે સુપરત કર્યુ તુ. જેમાં આવેદનમાં આમ આદમી પાર્ટી દ્વારા વિવિધ આક્ષેપો કરવામાં આવ્યા છે કે, હાલોલ ખાતે છેલ્લા ૩ વર્ષમાં ૧૦૦ કરોડના ખર્ચે બનતી ભુગર્ભ ગટર યોજના સદંતર ફલોપ હોવાનુ જણાવ્યુ છે. ભુગર્ભ ગટર યોજનાની કામગીરી અંતર્ગત હાલોલ શહેરના તમામ મુખ્ય માર્ગો સહિતના ફળિયાઓ, ગલી ખોદકામ કરી ખેદાન મેદાન કરી નાંખ્યુ છે. ભુગર્ભ ગટરના ચેમ્બરો તેમજ ખોદેલા રસ્તાઓ પુનઃ બનાવવાની કામગીરીમાં પણ ભ્રષ્ટાચારનો આક્ષેપ કરાયો છે. જયારે મોટાભાગના રોડ રસ્તાઓ ધુળના ઢગલાઓ ભેગા થતાં ધુળની ડમરીઓ પવનને કારણે ઉડતા લોકોના શ્વાસમમાં જયાં ભયંકર બિમારીઓ પેદા થવાની દહેશત પણ નગરજનોમાં ફેલાઈ છે. આમ પાર્ટી દ્વારા આ બાબતે આવેદનપત્ર પાઠવીને વીજીલન્સ તપાસની માંગ કરવામાં આવી છે. આ બાબતના પુરાવા રૂપે ભ્રષ્ટાચાર અંગેની વીડિયો ડીવીડી પણ રાજયપાલ, મુખ્યમંત્રી, જિલ્લા કલેકટર, માર્ગ મકાન વિભાગ મંત્રી ગુજરાત પાણી પુરવઠા અને ગટરવ્યવસ્થા બોર્ડ ગુજરાતને પણ મોકલી આપી આવેદન પણ નકલ રવાના કરવામાં આવી હોવાની જાણકારી મળી છે.

## હાલોલની ફાઈનાન્સ કંપનીને આપેલા ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

હાલોલ,

હાલોલ શહેરના ગોધરા રોડ પર આવેલ ખાનગી ફાયનાન્સ કંપનીમાંથી ધનસર મુવાડી ગામે રહેતા શ્રવનભાઈ રૂપસિંહ પરમારે કાર માટે વર્ષ–૨૦૧૫માં ૩,૯૫,૦૦૦/–રૂ.ની લોન લીધી હતી. જેમાં લોનના હપ્તા ચઢી બાકી નીકળતી લોનની રકમ ૪,૦૬,૮૩૬/–રૂ.ની માંગણી કરતા મહિન્દ્રા કોટક બેંકનો ૪,૦૧,૩૦૫/–નો ચેક આપ્યો હતો. જે ચેક ખાતામાં ક્લિયરન્સ માટે ફાયનાન્સ કંપની દ્વારા મોકલવામાં આવતા અપુરતા ફંડને લઈ ચેક બેંકમાંથી રિટર્ન મેમા સાથે પરત ફરતા ફાયનાન્સ કંપનીના પાવર ઓફ એટર્ની હોલ્ડર દિપકકુમાર રવિશંકર પંચાલે આ બાબતે ફરિયાદ દાખલ કરી હતી. જેમાં ચેક રિટર્નનો કેસ હાલોલના એડિ.ચીફ.જયુડિ.મેજી.ની કોર્ટમાં ચાલી જતાં ફરિયાદી પક્ષના વકીલ બી.એમ.મકરાણી દ્વારા મેજી.ચેતનાબેન પટેલએ શ્રવનભાઈ રૂપસિંહ પરમારને નેગોશિએબલ ઈન્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. જયારે બાકી નીકળતી ચેકની રકમ ૪,૦૧,૩૦૫ દિન–૩૦માં અદાલતમાં જમાં કરાવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ધી બાંડીબાર સેવા સહકારી મંડળી

તરફથી અભીનંદન....

મુ. શાખા–કેશરપુરા,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ધી બાંડીબાર સેવા સહકારી મંડળી

તરફથી અભીનંદન....

મુ. હીરાપુર,
તા. લીમખેડા,
જી. દાહોદ